**આજનો સુવિચાર**

કોઈ પણ ઉંચા આસન પર બેસવાથી ગૌરવ વધતું નથી, ગૌરવ ગુણોને કારણે વધે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૨૧ જૂનાગઢ તા.૦૪-૯-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 221, Junagadh : Date : 04 September, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

### ચંદ્રયાન-૩, આદિત્ય L-1 ની સફળતા બાદ હવે

## ઈસરો દ્વારા આગામી મહીને ગગનયાન-૧ને લોન્ચ કરાશે : અવકાશ ક્ષેત્રે ભારતનો ડંકો



શ્રીહરિકોટા તા.૪

પ્રથમ ચંદ્રયાન-૩ અને લેન્ડર વિક્રમનું સોફટલેન્ડીંગ તથા રોવર પ્રજ્ઞાનની એક પખવાડીયાની શ્રેષ્ઠ કામગીરી સંપન્ન થવા સાથે જ ઈસરોએ સૂર્ય ભણી રવાના કરાયેલા આદિત્ય એલ-૧ હવે સફળતાપૂર્વક પૃથ્વીની ભ્રમણકક્ષામાં પહોંચી ગયું છે અને આગામી ૧૨૫ દિવસની સફર બાદ સૂર્યની સામે હશે તે સમયે જ ઈસરો હવે તેના ગગનયાન મિશનને પણ આગામી માસમાં લોન્ચ કરશે.

પ્રથમ તબકકામાં ગગનયાન-૧ પૃથ્વીની ૪૦૦ કીમીની ભ્રમણકક્ષામાં જઈને પરત ફરશે તે ત્રણ દિવસ આ ભ્રમણકક્ષામાં ચકકર લગાવીને પરત આવશે. બાદમાં બીજા તબકકામાં રોબો પણ આ રીતે ભ્રમણકક્ષામાં ગગનયાન-૨ મારફત મોકલશે અને તે પણ પરત આવશે અને આ બન્ને પ્રોજેકટની સફળતા બાદ સંભવિત આગામી વર્ષે એક મહિલા સહિત ત્રણ ભારતીય અવકાશયાત્રીઓ ગગનયાન-૩ મારફત પૃથ્વીની ભ્રમણકક્ષામાં જઈને પરત આવશે અને તે સાથે ભારત અવકાશ યાન મોકલવાના વિશ્વના બહુ થોડા દેશોમાં સામેલ થઈ જશે.

હાલ ભારતના અવકાશયાત્રીમાં રશિયામાં તાલીમ લઈ રહ્યા છે અને તે લગભગ પુરી થઈ છે. અમેરિકા યાનમાં સફર કરનારને પરત સલામત લાવવા એ સૌથી મોટો પડકાર છે. અમેરિકા પણ તેના આ પ્રકારના મિશનમાં સફળતા-નિષ્ફળતાના પાઠ ભણી ચૂકયું છે અને અપોલો-૧૧ના બે અવકાશયાત્રીઓને ચંદ્રની ધરતીપર ઉતાર્યા બાદ હવે છેક ૨૦૨૫માં ફરી સમાનવ મિશન હાથ ધરશે.

ભારત તેના સસ્તા અવકાશ મીશન માટે જાણીતું બન્યુ છે. ચંદ્રયાને સફળ અને સસ્તો અવકાશી કાર્યક્રમ બની રહ્યો છે તો સૂર્ય મિશન પણ સૌથી સસ્તુ મિશન બની રહ્યું છે. અમેરિકી અવકાશ સંશોધન સંસ્થા નાસા એ તેના મિશનમાં 'બજેટ' જ નડી રહ્યા છે પણ ઈસરોએ તેને સસ્તુ બનાવી સફળતા મેળવીછે. સૂર્ય મિશનનો ખર્ચ રૂા.૩૭૮.૫૩ કરોડનો છે જે નાસાએ રૂા.૧૬૯૫૮ કરોડ ખર્ચીને તેના બે મિશન પાડયા છે. ચંદ્રયાન-૩ પણ રૂા.૬૫૦/- કરોડમાં પાર પાડવામાં આવ્યું છે.

## ચંદ્રયાન-૩ની વધુ એક સિધ્ધિ : બીજી વાર સોફટ લેન્ડીંગ કર્યુ



શ્રીહરિકોટા તા. ૪

ચંદ્રયાન-૩નાં ચંદ્રની સપાટી પર સફળ લેન્ડીંગની અભૂતપૂર્વ સફળતા બાદ ફરી એકવાર ચંદ્રયાન-૩નાં ખાતામાં વધુ એક સિધ્ધિ ઉમેરાઈ ગઈ છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ ચંદ્રયાનનાં વિક્રમ લેન્ડરે બીજી વાર ચંદ્ર પર સોફટ લેન્ડીંગ કર્યુ છે. ઈસરોનાં જણાવ્યા મુજબ ચંદ્રયાનનાં લેન્ડર વિક્રમે નિર્દેશ પર તેના એન્જીન પુર્નઃ ચાલુ કર્યા હતા અને નિર્દેશ મળવા પર વિક્રમ લેન્ડર સપાટીથી ૪૦ સે.મી.ઉપર ઉઠયું હતું અને ત્યારબાદ તેણે સોફટ લેન્ડીંગ કર્યુ હતું. આમ વિક્રમ લેન્ડરનાં હોપ પ્રયોગ સફળતાપૂર્વક પુર્ણ થયો છે.

બીજીવાર સોફટ લેન્ડીંગ કરવાની બાબતને એક વિશેષ સિધ્ધિ તરીકે જોવામાં આવીરહી છે.

## અમેરીકાનું ગ્રીન કાર્ડ મેળવવા માટે ૧૧ લાખ ભારતીયોનું વેઈટીંગ લીસ્ટ : ૧૩૪ વર્ષે પણ વારો નહી આવે

નવી દિલ્હી,તા. ૪

અમેરિકન ગ્રીન કાર્ડની પ્રોસેસ અત્યારે એટલી ધીમી ગતિએ ચાલી રહી છે લાખો ભારતીયોની અરજીઓનો નિકાલ થવામાં વર્ષો નહીં પણ દાયકા લાગી જશે. અત્યારે ભારતીયોની ગ્રીન કાર્ડ અરજીઓ ૧૩૪ વર્ષના બેક્લોગમાં ફસાઈ ગઈ છે.

એટલે કે આટલી ધીમી ગતિએ ગ્રીન કાર્ડ અપાતા રહેશે તો એકસદી કરતા પણ વધુ સમય લાગી જશે. અત્યારે જે અરજીઓ થઈ છે તેમાંથી ૧.૩૪ લાખ બાળકો છે જેમનીઉંમર ટૂંક સમયમાં લિમિટની બહાર જતી રહેશે.

અમેરિકન ગ્રીન કાર્ડ માટે વિશ્વના દરેક ભાગમાંથી અરજીઓ આવી રહી છે, પરંતુ તેમાં ભારત, ચીન અને ફિલિપાઈન્સથી સૌથીવધુ અરજીઓ પેન્ડીંગ છે. યુએસ ગ્રીન કાર્ડના નિયમ પ્રમાણે કુલ જે ગ્રીન કાર્ડ આપવાનાહોય તેમાંથી કોઈ પણ એક દેશને ૭ટકા કરતા વધારે ગ્રીન કાર્ડ ઈશ્યૂ કરી શકાય નહીં. આ ક્વોટાના કારણે ભારતીયોને સૌથી વધારે નુકસાન જાય છે.

## વિપક્ષનાં વડાપ્રધાનપદનાં ઉમેદવાર કોણ ? સર્વેમાં રાહુલ ગાંધી સૌથી આગળ

નવી દિલ્હી તા. ૪ :

I.N.D.I.A.ની બેઠકોનો રાઉન્ડ ચાલી રહ્યોછે, પરંતુ હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં વિપક્ષ તરફથી વડાપ્રધાન પદના ઉમેદવાર કોણહશે હવે તાજેતરના સર્વેમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સૌથી આગળ દેખાઈ રહ્યા છે. તે જ સમયે, વિરોધપક્ષોને એકસાથે લાવવામાં સૌથી મોટી ભૂમિકા ભજવનાર બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર ખરાબરીતે પાછળ જોવા મળી રહ્યા છે.

વિપક્ષી ગઠબંધને કેપ્ટનનાનામ અંગે સસ્પેન્સ જાળવી રાખ્યું છે. એબીપી ન્યૂઝમાં પ્રકાશિત સી વોટર્સના સર્વે અનુસાર, ૫૦ટકાથી વધુલોકોઈચ્છે છે કે I.N.D.I.A. દ્વારા વડાપ્રધાનના ઉમેદવારનું નામ જાહેર કરવામાં આવે. તે જ સમયે, સર્વેમાં ૩૨ ટકા લોકોએ આ વાતને નકારી હતી. એવા અહેવાલો છે કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે, વિપક્ષી પાર્ટીઓ દરેક સીટ પર ગઠબંધનના એક સામાન્ય ઉમેદવારને મેદાનમાં ઉતારવા માટે સંમત થયા છે.

સર્વેમાં કહેવામાં આવ્યું છે કે જે લોકોએ જવાબ આપ્યો તેમાંથી ૨૯ ટકા લોકોએ રાહુલ ગાંધીને સૌથી



મજબૂત દાવેદાર માને છે. આ સિવાય દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ ૯ટકા સમર્થન સાથેબીજા સ્થાને છે. નીતીશ કુમાર, જેઓ રેસમાં કોંગ્રેસના નેતાથી ખરાબ રીતે પાછળ છે, તેઓ ત્રીજા સ્થાને છે. સર્વેમાં સામેલ ૬ ટકા લોકો તેમને I.N.D.I.A. તરફથી પીએમ પદ માટે મજબૂત ઉમેદવાર માને છે.

## ઓરીસ્સામાં વીજ તાંડવ : ૬૧ હજાર વખત વિજળી પડી : ૧૨નાં મોત

ભુવનેશ્વર તા. ૪ :

ઓરીસ્સામાંવીજળીએ તબાહી મચાવી છે. લગભગ બે કલાકમાં સમગ્રઓડિશામાં ૬૧,૦૦૦વખત વીજળી પડતાં ૧૨ લોકોનાં મોત થયાં અને ૧૪ લોકો ઘાયલ થયાં. રાજધાની ભુવનેશ્વરમાં વીજળી પડવાની સૌથી વધુ ઘટનાઓ નોંધાઈ છે. ભારત હવામાન વિભાગએ રાજયમાં ૭ સપ્ટેમ્બર સુધી હવામાન ચેતવણી જારી કરીછે. ત્યાં સુધીઆ પ્રકારની સ્થિતિ ચાલુ રહેશે.

બંગાળની ખાડી પર સક્રિય ચક્રવાતી પરિભ્રમણ આગામી ૪૮ કલાકમાં ઓછા દબાણના ક્ષેત્રમાં તીવ્ર બને તેવી શક્યતા છે અને તેના પ્રભાવ હેઠળ, ઓરીસ્સામાં વ્યાપક વરસાદ થવાની સંભાવના છે. IMD અનુસાર, સપ્તાહના અંત સુધીમાં વરસાદની તીવ્રતા વધવાની શક્યતા છે. IMDએ કહ્યું છે કે ૭ સપ્ટેમ્બર સુધી મોટાભાગના જિલ્લાઓમાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

## દિલ્હીમાં યોજાનારી G-20 શીખર પરીષદની તડામાર તૈયારી




**અમેરીકાનાં રાષ્ટ્રપતિ બાઈડન સહિતનાં રાષ્ટ્રાધ્યક્ષો ત્રણ દિવસ રોકાશે**

(દિલહી બ્યુરો) નવી દિલ્હી તા. ૪

દેશમાં એક તરફ જન્માષ્ટમીની તૈયારીઓ વચ્ચે તા.૯-૧૦ દિલ્હીમાં મળનારી જી-૨૦ દેશોની શિખર પરિષદ માટેની તૈયારીઓ પણ હવે આખરી તબકકામાં છે અને આ સમીટમાં ભાગ લેવા આવનાર દરેક રાષ્ટ્રવડાઓના આગમનના તથા વિદાયના શેડયુલ નિશ્ચિત થઈ રહ્યા છે. એક તરફ સૌથી મોટું આકર્ષણ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન હશે અને તેઓ તા.૮ના સાંજે એરફોર્સ વનમાં દિલ્હી પહોંચીને તા.૧૦ના રવાના થશે.

પરંતુ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીન તથા ચીનના રાષ્ટ્રવડાજીનપીંગ હાજર રહેશેનહી અને બન્ને રાષ્ટ્રવડાઓ તેમના ઉચ્ચ કક્ષાના પ્રતિનિધિમંડળને તથા ચીન તેના વડાપ્રધાન લી અને રશિયા વિદેશમંત્રી સર્ગઈ લાવરોવને મોકલશે તો બીજી તરફ મેકસીકોમાં પણ સ્થાનિક ચૂંટણીઓ યોજાઈ રહી છે તેથી તેના રાષ્ટ્રવડા પણ G-20 માં હાજરી આપશે નહી.

અન્ય રાષ્ટ્રવડાઓના કન્ફર્મેશન આજે અથવાઆવતીકાલ સુધીમાં મળી જશે. આમ આ સમીટમાં ચીન-રશિયાના રાષ્ટ્રવડાઓની ગેરહાજરીને અમેરિકા વિરોધી લોબીની ગેરહાજરીતરીકેજોવામાં આવીરહી છે.

બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈ કાલે પીટીઆઈ સાથેની એક મુલાકાતમાં અરુણાચલ તથા જમ્મુ-કાશ્મીરમાં G-20 બેઠકો યોજવા સામે ચીન તથા પાકિસ્તાનના વિરોધને ફગાવી દઈને આ બન્ને દેશોને સ્પષ્ટ સંદેશ આપી દીધા છે.

વડાપ્રધાને સ્પષ્ટ કર્યુ કે, બન્ને ભારતના અવિભાજય રાજય છે અને ત્યાં G-20 બેઠકો યોજવામાં કોઈનો વિરોધ સ્વીકાર્ય નથી. આમ G-20ની બેઠક પુર્વે આ બન્ને દેશોને ડિપ્લોમેટીક 'જવાબ' આપીને ભારતે તેનું વલણ સ્પષ્ટ કર્યુ છે કે વૈશ્વિક મંચ પર દ્વીપક્ષી બાબતોને હાવી થવા દેવાશે નહી.

## આજે વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડીયાની જાહેરાત થવાની શકયતા

(દિલહી બ્યુરો) નવી દિલ્હી તા. ૪

કરોડો ક્રિકેટ ચાહકોની આતુરતાનો આજે અંત આવી શકે છે. આજે ICC વર્લ્ડ કપ-૨૦૨૩ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી શકેછે. જો બધુ પૂર્વ નિર્ધારિત યોજના મુજબ થશે, તો આજે ગમે ત્યારે બીસીસીઆઈ દ્વારા ઈમેલ દ્વારા પ્રેસ રિલીઝ મોકલવામાં આવશે. તેનું એક મોટું કારણ એ છે કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ એટલે કે ICCમાં ટીમ મોકલવાની છેલ્લી તારીખ પાંચ સપ્ટેમ્બર છે. BCCI ટીમની જાહેરાત કરવા માટે ૫ સપ્ટેમ્બર સુધી રાહ જોશે. જો કે, હાલ BCCIએ માત્ર 'પ્રારંભિક' ટીમની જાહેરાત કરવાની છે. જેમાં ૧૫ ખેલાડીઓની સાથે ૩ રિઝર્વ ખેલાડીઓ પણ હોઈ શકે છે. પરંતુ અંતિમ ૧૫ ખેલાડીઓના નામ ૨૭ સપ્ટેમ્બરે આપવાના રહેશે. ત્યાર બાદ ખેલાડીઓના નામમાં કોઈ ફેરફાર કરી શકાશે નહીં. જો કોઈ ફેરફાર કરવો હોય તોપણ તેને ICC ટેકનિકલ કમિટીની મંજૂરી લેવીપડશે.

## પાકિસ્તાનમાં હવે ખાંડ પણ સળગી : ૧ કિલોનાં રૂા. ૨૨૦

ઈસ્લામાબાદ, તા. ૪ઃ પાકિસ્તાનમાં મોંઘવારીએ માજા મૂકી છે. પાકિસ્તાનમાં પેટ્રોલનો ભાવ રૂપિયા ૩૦૦ને પાર કરી ગયો છે અને હવે ખાંડનો ભાવ પણ એક કિલોએ ૨૦૦ રૂપિયાથી વધીને ૨૨૦ રૂપિયા કિલો થઈ ગયો છે. પાકિસ્તાનમાં ખાંડ પહેલેથી ૨૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી હતી. બલૂચિસ્તાનમાં એકાએક રૂ. ૨૦નો વધારો નોંધાયો હતો. તે સાથે ખાંડ રૂ. ૨૨૦ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી ગઈ છે. પાકિસ્તાન પ્રાંતમાં ખાંડની જથ્થાબંધ કિંમત રૂ. ૨૧૦ પ્રતિ કિલો છે, જયારે ૫૦ કિલોની થેલી રૂ. ૧૦,૫૦૦ સુધી પહોંચી ગઈ છે.

Since 1949 Ayurvedic Tradition
सिर्फ तेल नहीं तेल से बहुत कुछ ज्यादा...
પુના નું
મહાભૃંગરાજ તેલ


હવે 400 ml Rs.398/-માં
● વાળ ખરવા
● ડેન્ડ્રફ
● હાથ-પગની બળતરા
● નિંદ્રાની સમસ્યા
રોજ રાત્રે સુતા પહેલા ૧૦-૧૫ મિનીટ આ તેલથી માથા પર માલીશ કરવી
RVAP
C/F :- M/s. Boyal Enterprises, Vadodara. (M)9427845459.
www.mahabhringarajoil.com
દરેક મેડીકલ સ્ટોર/પ્રોવીઝન સ્ટોર તથા Online ઉપલબ્ધ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઈમરજન્સી એટલે વોકહાર્ટ
વાર હોય કે તહેવાર, વોકહાર્ટ ઈમરજન્સી હંમેશા એલર્ટ
વધુ માહિતી માટે : 95861 44344
WOCKHARDT HOSPITALS
LIFE WINS

જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા....
એક્ટિવ ઓર્થોપેડીક હોસ્પિટલ
ડૉ. નિકુંજ ઠુંમર
ડૉ. મૌલિક ભાલોડીયા
+૯૧ ૯૦૯૯૮૮૮૬૧૦
+૯૧ ૯૦૯૯૮૯૮૬૧૦
માતૃત્વ વુમન્સ હૉસ્પિટલ
DEDICATED TO WOMEN'S HEALTH
ડૉ. ઋજુલબેન ગજેરા ઠુંમર
M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)
સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત
+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦
આસ્થા કોમ્પલેક્ષ, કાકા કોમ્પલેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ

HOPE
DIABETES CLINIC AND RESEARCH CENTRE
ડો. દિપક ચુડાસમા
MBBS, PGDM, PhD Scholar
કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ
ડાયાબીટીસ કલીનીક
ડો. નિશિતા ચુડાસમા
BPT, MPT ortho, PhD Scholar
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
✓ ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
✓ ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.
ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
● પગ મચકોડાઈ જવો ● ફ્રેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો ● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝન શોલ્ડર ● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R. ● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા
હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૦૦૦નાં રીપોર્ટ માત્ર ૮૦૦માં કરી દેવામાં આવે છે
કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦
રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪
બીજો માળ, એપલવુડ, વિશાલા હોટલ પાસે, બસ સ્ટેશનનાં બીજા ગેઈટ સામે, જૂનાગઢ

॥ શ્રી ગણેશાય નમઃ ॥
॥ જય જલારામ બાપા સહાય છે ॥
સાતમ-આઠમ તહેવાર નીમિતે ફરસાણ તથા મીઠાઈનાં
ભાવમાં જંગી કડાકો

| આઈટમ | કિલો | રૂપિયા |
|---|---|---|
| નાયલોન પાપડી | ૧ | ૧૪૦/- |
| ફરસાણ | ૧ | ૧૪૦/- |
| ટેસ્ટફુલ ચવાણું | ૧ | ૧૪૦/- |
| નાયલોન જીણા ભાવનગરી | ૧ | ૧૪૦/- |
| ચંપાકલી | ૧ | ૧૪૦/- |
| નાયલોન સક્કરપારા | ૧ | ૧૪૦/- |
| ચણાના લોટ મેસુબ | ૧ | ૧૬૦/- |
| મોરી ખાજલી | ૧ | ૧૪૦/- |
| મીઠા સાટા | ૧ | ૧૪૦/- |
| નાગપુરી સોનપાપડી | ૧ | ૧૨૦/- |
| મોહનથાળ | ૧ | ૧૨૦/- |
| બેસનનાં લીસા લાડુ | ૧ | ૧૨૦/- |
| બુન્દી લાડુ | ૧ | ૧૨૦/- |
| બોમ્બેનો સુકો હલવો | ૧ | ૧૬૦/- |
| ટોપરાનો મેસુબ | ૧ | ૧૮૦/- |
| ઓછી ખાંડની બરફી | ૧ | ૨૪૦/- |
| સ્પે. પેંડા | ૧ | ૨૮૦/- |

તેમજ અવનવી વાનગીઓ મળશે
રાજતિલક સ્વીટ માર્ટ
સુખનાથ ચોક, સંઘાડીયા બજાર, જૂનાગઢ.
મો. ૯૮૨૪૨ ૨૦૪૩૪

# વેરાવળમાં સોની વેપારીની નજર ચુકવી ૪ લાખના દાગીનાની છેતરપીંડી આચરનાર બોટાદની ગેંગને ઝડપી લેવાઈ

ગેંગની ત્રણ મહિલાઓ અને બે પુરૂષ સોનાના દાગીના જોવાના બહાને ચતુરાઈપૂર્વક સોની વેપારીઓ સાથે છેતરપીંડી આચરતા : ગેંગ પાસેથી છેતરપીંડીથી આચરેલ સોનાનો મુદામાલ જપ્ત કરવામાં આવેલ



(રાકેશપરડવા દ્વારા)

વેરાવળ,તા.૪

વેરાવળમાં સોની વેપારીની નજર ચુકવીને ૪ લાખના સાચા સોનાના દાગીના તફડાવીનેતેની જગ્યાએ ઈમીટેશનના ખોટા દાગીના મુકી છેતરપીંડી આચરેલ બોટાદની ગેંગને વેરાવળ પોલીસે ગણતરીના કલાકોમાં ટેકનીકલ સર્વેલન્સના આધારે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહીહાથધરી છે. પકડાયેલ ગેંગની ત્રણ મહિલાઓ અને બે પુરૂષ પાસેથી ચોરી કરેલ સોનાના દાગીના અને ઈકો કાર સહિત રૂ.૫.૫૦ લાખના મુદામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે માહિતી આપતા સીટી પીઆઈ એસ.એમ. ઈશરાણીએ જણાવેલ કે, વેરાવળની સોની બજારમાં આવેલ યશ જવેલર્સ દુકાને બે દિવસ પહેલા સોનાની ખરીદી કરવા ત્રણ મહિલા અનેબેપુરૂષ આવી દાગીના જોઈ રહેલ એ સમયે વેપારીની નજર ચુકવીને મહિલાઓએ પાંચેકવીટી અને દસેક બુટીઓ સેરવી લઈ તેની જગ્યાએ ડુપ્લીકેટ વીટી અને બુટીઓ મુકી દીધી હતી. બાદમાં બહાનું કરીને તમામ લોકો દુકાનની બહાર નીકળી ચાલ્યા ગયા હતા. ત્યારબાદ વેપારીના ધ્યાને નકલી દાગીના આવતા આવેલ છેતરપીંડી કરી ગયાનું માલુમ પડતા તુરંત પોલીસને જાણ કરી હતી. જેના પગલે વેપારી પાસેથી સંપૂર્ણ માહિતી મેળવી એલસીબી પીઆઈ વી.કે.ઝાલા,એસઓજી પીઆઈ એ.બી.જાડેજા, ડી સ્ટાફ ના પીએસઆઈ જે.એસ.ડાંગર ના નેતૃત્વમાં જુદી જુદી ટીમો બનાવીનેતપાસહાથ ધરી હતી. જેમાં સોની બજારમાં લાગેલ સીસીટીવીમાંથી અને ટેકનીકલ સર્વેલન્સ થકી છેતરપીંડી કરી ગયેલ લોકો બોટાદ તરફ જઈ રહ્યાની મહત્વપૂર્ણ માહિતી મળેલ હતી. જેના આધારે એક ટીમ ગેંગનો પીછો કરી બોટાદ પહોંચી હતી. જયાં બોટાદ પોલીસની મદદથી બોટાદ પાસેથી (૧) હર્ષાબેન ઉર્ફે વરડી જયેશ ચૌહાણ (ઉ.વ.૩૭), (૨) પ્રભાબેન રણછોડભાઈ સોલંકી (ઉ.વ.૩૭), (૩) નયનાબેન ઉર્ફે નનુ સંજય ચૌહાણ (ઉ.વ.૩૪), (૪) મનસુખ ઉર્ફે મોરી મનજી ખસીયા (ઉ.વ.૪૩), (૫) રામ ઉર્ફે જખરો લખમણ જોગરાણા (ઉ.વ.૨૮) તમામ રહે.બોટાદ વાળાને ઈકો કાર તથા રૂ.૨.૫૩ લાખના છેતરપીંડીથી મેળવેલા સોનાના દાગીના સાથે ઝડપી પાડ્યા હતા. આ ગેંગના સભ્યો પાસેથી બાકીનો મુદામાલ મેળવવા તથા અન્ય કયાં કયાં આવી રીતેછેતરપીંડી આચરી છે તે જાણવા તપાસ હાથ ધરી છે.

## ગેંગ આવી રીતે છેતરપીંડી આચરતી....

આ છેતરપીંડીઆચરતી ગેંગઘટનાને અંજામ આપતા પહેલા સોની બજારમાં આંટાફેરા કરી સીસીટીવી કેમેરા ન હોય તેવી સોનીની દુકાનની ઓળખકરી બાદમાં થોડા સોના-ચાંદીના દાગીના ખરીદ કરી બીજા દાગીના બાદમાં લેવા આવવાનુ જણાવી સોની વેપારીને વિશ્વાસમાં લઈ થોડા સમય પછી ફરી દાગીના ખરીદ કરવા આવે ત્યારે વેપારીને વાતોમા વ્યસ્ત રાખીને દાગીના જોવા લઈ સાચા દાગીનાની જગ્યાએ ઈમીટેશનના ખોટા દાગીના મુકી દઈ છેતરપીંડી આચરતા અને તે સમયેઅચાનક કાંઈ અણબનાવ બન્યાનું કહી દાગીના લીધા વગર તુરંત જ દુકાનમાંથી નીકળી નાશી જતા હોવાની એમ.ઓ. ધરાવતા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યાનું પીઆઈ એસ.એમ.ઈશરાણીએ જણાવેલ છે.

# જૂનાગઢના ઝાંઝરડા ચોકડી નજીક અજાણ્યા વાહનચાલકે મોટરસાઈકલને હડફેટે લેતા યુવાનનું મૃત્યું : પોલીસ ફરિયાદ

(ક્રાઈમરીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢ ઝાંઝરડા ચોકડી આગળ અજાણ્યા વાહનો મોટરસાઈકલનો હડફેટે લેતા ચાલકને ઈજાઓ પહોંચતા તેનું મૃત્યું થયાના બનાવ અંગે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવ અંગે પોલીસો આપેલી વિગત અનુસાર જૂનાગઢના જોષીપરા નંદનવન રોડ, બાપાસીતારામ મઢુલીની બાજુમાં રહેતા જયકિસનભાઈ ભાવેશભાઈ ચનીયારા (ઉ.વ.૨૮)એ અજાણ્યા વાહન ચાલક સામે નોંધાયેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદીનો નાનોભાઈ ફરિયાદીના ઘરેથી સ્પેલેન્ડર મોટરસાકઈલ નંબર જીજે-૧૧-સીબી-૧૭૩૦ વાળી લઈને નંદનવનથી મધુરમ તરફ ગામમાં ગયેલ હોય તે દરમ્યાન ગત તા.૧-૯-૨૦૨૩ના રોજ કલાક ૨૩ના સમયગાળા દરમ્યાન જૂનાગઢ ઝાંઝરડા ચોકડી આગળ ડી માર્ટ મોલ આગળ શોપાન રેસીડેન્સી પાસે પહોંચતા ફરિયાદીના નાના ભાઈને કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન બેફીકરાઈથી ચલાવી અને મોટરસાઈકલનો હડફેટે લેતા ફરિયાદીના નાના ભાઈના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું મોત નીપજાવી અજાણ્યો વાહન ચાલક તેનું વાહન લઈ નાસી છુટયો હોવાની ફરિયાદ ગઈકાલે પોલીસમાં નોંધાવતા બી ડીવીઝન પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસહાથ ધરી છે.

# જૂનાગઢમાં વિવિધ સ્થળોએ જુગાર દરોડા

જૂનાગઢતા.૪

જૂનાગઢના રામદેવપરા વિસ્તારમાંજાહેરમાં જુગાર રમતા ઈમરાન ઓસમાણભાઈ અબડા, સાહીદ આમદભાઈ ગંભીર, કાસમ જુમ્મભાઈ પલેજા, ઈબ્રાહીમ અલ્લારખાભાઈ સમા, આસીફ મહમદભાઈ કાદરીને જુગાર રમતા ૨૫૧૨૦ રોકડ મુદામાલ સાથે ઝડપી કાર્યવાહી કરી છે.

જયારે મધુરમ મંગલધામ બાયપાસ નજીક આવેલ મંગલધામ-૧ વિસ્તારમાં વૃંદાવનગર નગર શેરી નં.૩માં રહેતા કિરીટભાઈ ડાયાલાલ સોંદરવાના રહેણાંક મકાનેજુગાર અખાડો ચાલતો હોવાની બાતમીના આધારે પોલીસ રેડ કરી મકાન માલીક સહિત અભીષેક પરેશ વર્ધન, અભીલાશ વજુભાઈ રાઠોડ, ગગજી દેવાભાઈ સોલંકી અને ભાવેશ સંજયભાઈ પરમારનો ૩૨૬૩૦ના રોકડ મુદામાલ સાથે ઝડપી લઈ કાર્યવાહી કરી છે. તેમજ ભેસાણના વાવડીગામની સીમમાં રમેશભાઈ બાધાભાઈ સાકરીયા, મનાભાઈ ભીમજીભાઈ ધકાણ, ચંદુભાઈ ભીખાભાઈ સાકરીયા, ગૌતમભાઈ ભીખુભાઈ રવૈયા, અલ્પેશભાઈ નાથાભાઈ સાકરીયાને ૧૧૭૨૦ના મુદ્દામાલ સાથેજુગાર રમતા ઝડપી લીધે છે. જયારે સુરેશ કચરાભાઈ ગોંડલી, વિજય ડાયાભાઈ ભુવા, ભાવેશભાઈ નાથાભાઈ સાકરીયા, દિલીપભાઈ વલ્લભભાઈ સાકરીયા, જેરામભાઈ ધુસાભાઈ શેલડીયા, કલ્પેશભાઈ પ્રાગજીભાઈ સાકરીયા નાસી છુટયા હતા. પોલીસ તમામ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી છે.

જયારે ભંડુરી ગામે ધર્મેશભાઈ મનસુખભાઈ ચુડાસમા, જેન્તીભાઈ ભીમાભાઈ મકવાણા, દિનેશભાઈ હીરાભાઈ ચુડાસમા, ધર્મેન્દ્રભાઈ બાબુભાઈ ચુડાસમાને ૧૦૧૫૦ના રોકડ મુદામાલ સાથે ઝડપી લઈ કાર્યવાહી કરી છે. તેમજ કેશોદના અમૃતનગર મેઈન રોડ ઉપર આવેલ ગોકુલ એપાર્ટમેન્ટના બ્લોક નં.૭માં રહેતા જયદિપ બાબુભાઈ કુંભાણીના રહેણાંક મકાન જુગાર રમતા મીશાલ જેન્તીભાઈ બગીયા, હર્ષ ઈશ્વરભાઈ બગીયા, મયુર લલીતભાઈ બગીયા, મોનીશ જેન્તીભાઈ બગીયા, તૃષીત રમેશ સાવલીયા, નયન વિનુભાઈ સાંચલા, વીમલ ગીરધરભાઈ સાંચલાનો જુગાર રમતા ૧૦૫૯૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાર્યવાહી કરી છે.

# ગીર સોમનાથના ઉના નજીક વન્ય પ્રાણી અભ્યારણ્ય બનાવવા તથા અહેમદપુર માંડવી બીચ વિકસાવવાના કામને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ

### સાસણના દેવળીયા પાર્ક માફક ઉના નજીક વન્ય પ્રાણી અભ્યારણ્ય વિકસાવશે : મંત્રી મુળુભાઈ બેરા

(રાકેશપરડવા દ્વારા)

વેરાવળ, તા.૪

ગીર સોમનાથ જિલ્લાને પર્યટન ક્ષેત્રનું હબ બનાવવા માટે જિલ્લામાં બે સ્થળોને પ્રવાસીઓમાં આકર્ષણ રૂપતરીકે રાજય સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી છે. જેમાં ઉના નજીક વન્ય પ્રાણી અભયારણ્ય બનાવવાનું તથા ઉના પંથકના અહેમદપુર માંડવી બીચને વિકસાવવાની બંન્ને યોજનાને સૈદ્ધાંતિક મંજુરી આપી કામગીરી આગળ હાથ ધરી હોવાનું જિલ્લાના પ્રવાસે આવેલા પર્યટન મંત્રી મુળુભાઈ બેરાએ જણાવેલ છે. આ બંન્ને સ્થળો વિકસી ગયા બાદ જિલ્લાની મુલાકાતે આવતા પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવાનું જાણકારો જણાવી રહ્યા છે. આ જાહેરાતને સાંસદ રાજેશ ચુડાસમા અને ભાજપ પ્રદેશ મંત્રી ઝવેરીભાઈ ઠકરારએ આવકારી રાજય સરકાર તરફથી જિલ્લા વાસીઓને ભેટ ગણાવી હતી.

સુપર સ્ટાર અમિતાભ બચ્ચનની ખુશ્બુ ગુજરાત કી..કુછ દિન તો ગુજારો સોમનાથ મૈ... ની એડ ફિલ્મ બાદ ગીર સોમનાથ જિલ્લાના સોમનાથ મંદિર, સાસણ ગીર અભ્યારણ્ય, દિવની મુલાકાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓની સંખ્યા દર વર્ષે નોંધપાત્ર રીતે વધી રહી છે. ત્યારે જિલ્લામાં આવેલા અન્ય પર્યટન સ્થળોને વિકસાવવા માટે રાજય સરકારે કમ્મર કસી છે. ત્યારે ગીર સોમનાથના પ્રવાસે આવેલા પર્યટન મંત્રી મુળુભાઈ બેરાએ બે મોટી જાહેરાત કરતા જણાવેલ કે, જિલ્લાના ઉના આસપાસ વન્ય પ્રાણી અભયારણ્ય બનાવવાના કામને રાજય સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. આ અભ્યારણ્ય સાસણ ગીરમાં આવેલા દેવળિયા પાર્ક અને ધારીના આંબરડી પાર્કની માફક વિકસાવવામાં આવશે. જેમાં સિંહ, દિપડા સહિતના વન્ય પ્રાણીઓ નિહાળવાનો પ્રવાસીઓ લાવો લઈ શકશે. આ કામગીરી હાથ ધરવા જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અભ્યારણ્ય બની ગયા બાદ સ્થાનીક લોકોને રોજગારી મળવાની સાથે હાલની બંન્ને અભ્યારણ્યમાં જોવા મળતો પ્રવાસીઓનો ઘસારો ઓછો થશે અને વધુમાં વધુ પ્રવાસીઓ પાર્કનો લ્હાવો લઈ શકશે. આ ઉપરાંત ઉના તાલુકાના અહેમદપુર માંડવી બીચને દ્વારકા નજીકના શિવરાજપુર બીચ માફક વિકસાવવાનું નક્કી કર્યુ છે અને તેના માટે એન્જીનીયરની ટીમ પણ બનાવવાની સાથે કામને સૈદ્ધાંતિક મંજુરી આપી દેવામાં આવી છે. આ બંન્ને કામો કરવા પાછળ પ્રવાસનને વેગ આપવાનો હેતુ છે. જેથી બંન્ને કામો કરવા માટે બજેટ ફાળવણીની કામગીરી ટુંક સમયમાં થઈ જશે. જેથી આગામી દિવસોમાં યોજનાના અમલીકરણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ બંન્ને જાહેરાતો રાજય સરકાર તરફથી ગીર સોમનાથ જિલ્લા માટે મહત્વપૂર્ણ ભેટ માનવામાં આવી રહી છે.



# દ્વારકાના ભોગાત ગામની પ્રાથમિક શાળામાં કેન્સરની તપાસ માટે નિઃ શિબિરનું આયોજન કરતું RSPL વેલફેર ફાઉન્ડેશન (ઘડી ડીટર્જન્ટ ગૃપ)

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૪

RSPL વેલફેર ફાઉન્ડેશન (ઘડી ડીટર્જન્ટ ગૃપ) અને ધી ગુજરાત કેન્સર ને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ(GCRI) ના સહયોગ દ્વારા "પ્રોજેક્ટ ચેતના" અંતર્ગત દેવભૂમિ દ્વારકા ના ભોગાત ગામ ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ગઈકાલે



તારીખ ૦૩/૦૯/૨૦૨૩ ના રોજ સવારે ૯ કલાક થી બપોરે ૧ કલાક સુધી ગામના તમામ રહેવાસીઓ માટે કેન્સર ની તપાસ માટે નિશુલ્ક શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું.સ્તન,ગર્ભાશયના મુખઅને મોઢાના કેન્સરની તપાસના આ નિશુલ્ક શિબિર મા અંદાજે ૭૦ જેટલા લોકો એ લાભ લીધેલ હતો.ત્યારે હર હંમેશ થી સામાજિકફરજ ને પૂરી કરીઅને સમાજ પ્રત્યે ના સેવા ના કાર્ય કરતાંઆવતા RSPL વેલફેર ફાઉન્ડેશન (ઘડી ડીટર્જન્ટ ગૃપ) નો આ સરાહનીય કામગીરી બદલ ગ્રામ જનો એ હૃદય પૂર્વક આભાર માન્યો હતો.

# સંતશ્રી આસારામજી બાપુ આશ્રમ જૂનાગઢમાં વૈદિક પરંપરા પ્રમાણે માળા પૂજન કાર્યક્રમ યોજાયા



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૪

તારીખ ૩ સપ્ટેમ્બર રવિવારના સંતશ્રી આશારામજીબાપુ આશ્રમ અનેયોગ વેદાંત સેવા સમિતિ જૂનાગઢ તરફથી આ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુંહતું.આ પ્રસંગે મોટા પ્રમાણમાં શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગવેદાંત સેવા સમિતિના અધ્યક્ષ શ્રીરામભાઈ ભુતીયા તેમજ સમિતિના સાધક ભાઈઓએ ખાસ જહેમત ઉઠાવી હતી.

# દ્વારકા ખાતે આગામી બુધવારથી બે દિવસ દ્વારકા ઉત્સવ યોજાશે

(કુંજનરાડીયા દ્વારા)

જામખંભાળીયા તા.૪

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ તથા યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ દ્વારા આયોજિત અને દેવભૂમિ દ્વારકા જિલ્લા વહિવટી તંત્ર દ્વારા આગામી બુધવાર તારીખ ૬ તથા ગુરૂવાર તારીખ ૭ ના રોજ દ્વારકા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ દ્વારકા ઉત્સવ દ્વારકામાં ઈસ્કોન ગેટની બાજુમાં આવેલા દ્વારકાધીશ મંદિર, વિકાસ ટ્રસ્ટ સંચાલિત વિશ્રામગૃહ મેદાન ખાતે રાત્રીના ૯ વાગ્યાથી યોજાશે.

દ્વારકા ઉત્સવના પ્રથમ દિવસે તા. ૬ ના રોજ લોક સાહિત્યકાર રાજભા ગઢવી, લોકગાયક ભાવેશભાઈ આહિર, આશાપુરા ગૃપ દ્વારકા દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવશે. તા. ૭ ના રોજ હાસ્ય કલાકાર સાંઈરામ દવે, લોક ગાયિકા સેજલબેન ચારણ તેમજ દ્વારકાના ઝાંઝરી કલ્ચરલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા વિવિધ કૃતિઓની પ્રસ્તુતિ કરવામાં આવશે.

આ કાર્યક્રમોનો લાભ લેવા શહેર જનતાને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# મંગળવારે રાંધણ છઠ્ઠનું મહત્વ

શ્રાવણ વદ છઠ્ઠ ને મંગળવાર તા ૫ સપ્ટેમ્બર આ દિવસે રાંધણ છઠ્ઠ છે.

શ્રાવણ મહિનો એટલે તહેવારોનો મહિનો અને તેમા પણ જન્માષ્ટમી પુર્વે રાંધણ છઠ્ઠનો તહેવાર આવે છે આ તહેવાર મા શહેર તથા ગ્રામ્યવિસ્તારમા સવારથી સાંજ સુધી રસોડામાં મહિલાઓ મિષ્ઠાન સહિતની વાનગીઓ રસોઈ બનાવી અનેચુલો ઠારવાની પરંપરા નીભાવશે.

રાંધણ છઠ્ઠનો તહેવાર શિતળા સાતમને અનુલક્ષીને મનાવવામાં આવે છે. સાતમના દિવસે રસોઈ બનાવાતા નથી. આથી મહિલાઓ છઠ્ઠના દિવસે બધી રસોઈ બનાવે છે.

ચુલા નું પૂજનઃ- રાંધણ છઠ્ઠના દિવસે બધી રસોઈ બનાવી રાત્રે ચુલો ઠારી બંધ કરી તેના પર ફુલની માળા,રૂ ના નાગલા ચુંદડી કંકુ,ચોખા, ચંદન, અબીલ ગુલાલથી પૂજન કરવું આમ ચુલાનું પૂજન કરવું.

ચુલો ઠારવાનું મુહૂર્તઃ- મંગળવારે રાત્રે લાભ ચોઘડિયા મા ૮.૨૬ થી ૯.૫૨

જયોતિષની દ્રષ્ટિએ છઠ્ઠના અધિષ્ઠાતા દેવતા સૂર્ય છે. સૂર્યમા અગ્નિતત્વ રહેલ છે.રસોઈમા પણ અગ્નિ તત્વનું મહત્વ વધારે છે અને રસોઈ ઘરમા માતાજી અન્નપૂર્ણાનો વાસ છે.

આમ તહેવારોમાં રાંધણ છઠ્ઠનું મહત્વ વધારે છે. રાંધણ છઠ્ઠના દિવસે બનાવેલી વાનગી વધારે સ્વાદિષ્ટ થાય છે.

અત્યારના જમાનામા બધાના ઘરે ગેસના ચુલા આવી ગયેલા છે. પરંતુ તેનું પૂજન પણ કરી શકાય છે.

**શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)**

# માં ગૌ સેવા હોસ્પિટલ કુકસવાડા મુકામે સંપૂર્ણ વૈદિક લઘુરૂદ્ર યજ્ઞ અને ગૌપુજન કાર્યક્રમ યોજાયો



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૪

ગઈકાલે શ્રાવણ વદ બોળચોથના દિવસે માં ગૌસેવા હોસ્પિટલ કુકસવાડા મુકામે સંપૂર્ણ વૈદિક લઘુરુદ્ર અને ગૌ પુજનનું આયોજન કરવામાં આવ્યુંહતું.જેમાં શાસ્ત્રોક્ત વૈદિક મંત્રો દ્વારા હોમાત્મક યજ્ઞ કરવામાં આવ્યો હતો.તેમજ ગૌ માતાનું હિન્દુ ધર્મની પરંપરા મુજબ વિધિવત પુજન કરવામાં આવ્યું હતું.

માં ગૌસેવા હોસ્પિટલ મુકામે અપંગ અનેનિરાધાર ગાયોની ગૌ સેવકો દ્વારા ખુબ સારી સારવાર કરવામાં આવે છે.પૃથ્વિ પરની કામધેનુ એવી આપણી ગૌમાતા પુજનનો દિવસ એટલે બોળચોથ.આ દિવસે વર્ષોથી આપણી પરંપરા મુજબ ગૌપુજન કરવામાં આવે છે.જે પરંપરા મુજબ આજે ગૌ પુજન અને યજ્ઞનુમ આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં બ્રાહ્મણો દ્વારા વૈદિકમંત્રોચ્ચાર કરવામાંઆવ્યા હતા.માં ગૌસેવા હોસ્પિટલમાં કાર્યરત ગૌ સેવકો,તેમજ માતાઓઅનેબહેનો આ યજ્ઞમાં સહભાગી થયા હતા.

આમ આપણા હિંદુ ધર્મના બોળચોથના પાવન પર્વની યજ્ઞ અનેગૌપુજનના કાર્ય થકી આપણી સંસ્કૃતિને ઉજાગર કરી છે.સેવાયજ્ઞમાં જોડાયેલ તમામ ગૌ સેવકોને લોકો બિરદાવે છે.

# જૂનાગઢ યુવા લોકગાયક મયુર દવેને મેઘાણી એવોર્ડ અર્પણ કરતા રૂપાલા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢના યુવા લોકગાયક સાહિત્યકાર મયુરભાઈ અમે. દવેને વડોદરા ખાતે બગસારા સહકારી શરાફી મંડળીની નવી બ્રાન્ચના ઉદઘાટન પ્રસંગે કેન્દ્રીય મંત્રી પુરૂષોતમ રૂપાલાના હસ્તે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી એવોર્ડ એનાયત કરાયો હતો. સાહિત્યની સેવા એક પ્રકારે સમાજ સેવા છે કારણ કે સાહિત્યકાર ઉચ્ચ સમાજનું ઘડતર થાય ગરવા ગિરનારને કર્મભૂમિ બનાવી સાહિત્ય અને સાંસ્કૃતિ તપ ધરી એક અદના લોકકલાકાર તરીકે સોરઠનું અને બ્રહ્મ સમાજનું ગૌરવ વધારવા બદલ મયુર દવેને ડી.જી. મહેતા, નિલેષ ડોડીયા, અશ્વિન ડોડીયા સહિતનાએ અભિનંદન પાઠવેલ અને મો.નં.૯૯૨૫૨૬૧૦૪૮ ઉપર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# શ્રાવણ માસ-સોમવાર નિમિત્તે શ્રીકષ્ટભંજન દેવ દાદાને શિવસ્વરૂપનો શણગાર



સાળંગપુર તા.૪

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૦૪-૦૯-૨૦૨૩ને સોમવારના રોજ શ્રાવણ માસ નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને દિવ્ય વાઘા ધરાવી શિવસ્વરુપનો ભવ્ય શણગાર કરી સવારે ૦૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ. શ્રાવણ માસ દરમિયાન મંદિરના પરિસરમાં આવેલ શ્રી નિલકંઠ મહાદેવનુ પૂજન -આરતીનુ આયોજન કરવામાં આવેલ. હજારો ભક્તોએ આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સાઈબર ક્રાઈમ દેશની કાયદો વ્યવસ્થા માટે પડકાર

સાઈબર ક્રાઈમને લઈને દેશની સર્વોચ્ચ અદાલતની ચિંતા સુખદ છે. સર્વોચ્ચ અદાલતની રજિસ્ટ્રીએ એક એડવાઈઝરી બહાર પાડી છે અને લોકોને એ કૌભાંડ વિશે ચેતવ્યા છે, જેમાં સાઈબર અપરાધી લોકોની અંગત માહિતી અને ગોપનીય ડેટા ચોરવા માટે સર્વોચ્ચ ન્યાયાલયના નામનો ઉપયોગ કરી રહ્યા હતા. આ કેટલી સંગીન વાત છે કે સાઈબર અપરાધીઓ સુપ્રીમ કોર્ટની સત્તાવાર વેબસાઈટની પણ નકલ બનાવી ચૂક્યા છે અને તેના દ્વારા લોકોને ભરમાવવામાં આવે છે. સાઈબર અપરાધી લોકોનેઆ વેબસાઈટદ્વારા વિવિધ પ્રકારના વ્યક્તિગત વિવરણ માંગે છે અને દેખીતું છે કે તેનો ઉપયોગ છેતરપિંડી માટે જ થાય છે. દેશમાં સર્વોચ્ચ ન્યાયલય પ્રત્યે લોકોમાં બહુ સન્માન અને વિશ્વાસની ભાવના છે. જો કોઈ ન્યાયાલયનું નામ ખરાબ કરવા માંગે છે તો તે અક્ષમ્ય અપરાધ છે. ન્યાયાલયની રજિસ્ટ્રીએ સલાહ આપી છે કે લોકો બહુ પરખ્યા બાદ જ કોઈ વેબસાઈટ સાથે જોડાય. સર્વોચ્ચ ન્યાયાલય ક્યારેય પણ કોઈ વ્યક્તિની કોઈ ગોપનીય માહિતી નથી માંગતી. સલાહ આપવામાં આવી છે કે લોકો કોઈપણ પ્રાપ્ત લિંકની પ્રામાણિકતાની ખરાઈ કર્યા વિના ના તો ક્લિક કરે કે ના તેને કોઈની સાથે શેર કરે.

ન્યાયાલયના આ દિશાનિર્દેશનુંઅક્ષરશઃ પાલન થવું જોઈએ. દેશમાં લોકોને ફસાવવાની કોશિશ થતી જ રહે છે, જેને સાઈબર ભાષામાં 'ફિશિંગ' કહે છે, આ ફિશિંગ વિરુદ્‌ધ પૂરતી કડકાઈ રાખવાની જરૂર છે. ખાસ કરીને જે પ્રતિષ્ઠિત અને વિશ્વસનીય સંસ્થા છે, તેના નામ કે યુઆરએલ સાથે ભળતા કોઈપણ નામનું રજીસ્ટ્રેશન ન થવું જોઈએ. ડોમેન વેચનારી કોઈપણ કંપનીને સતર્ક કરવી જોઈએ કે ભળતા નામે કોઈપણ અપરાધી કોઈ વેબસાઈટ ન ખોલી શકે. આજે જો સર્વોચ્ચ ન્યાયાલયે દિશા-નિર્દેશ જારી કરવા પડ્યા છે, તો સ્થિતિની ગંભીરતા બદી જવાબદારી સરકારી સંસ્થાઓએસમજવી જોઈએ. એક તો વેબસાઈટના ભળતા નામને મંજૂરી જ ન મળે અને જો કોઈ ચોરીથી એવી વેબસાઈટ બનાવી પણ લે તો તેને આકરો દંડ કરવો જોઈએ. કેટલીય સરકારી કે બિનસરકારી સંસ્થાઓનાં નામ અને વેબસાઈટની સચ્ચાઈ સુનિશ્ચિત કરતાં સાઈબર સેવાઓનો વિસ્તાર કરવો જોઈએ. જમતાડા અને મેવાત જેવા ક્ષેત્રોમાં બેસીને દેશ અને ઈન્ટરનેટ સેવાની વિશ્વસનીયતા સાથે રમત કરી રહેલા અપરાધીઓ પર સકંજો કસવો અનિવાર્ય છે. જો આવી છેતરપિંડી રોકવા માટે જવાબદાર સંસ્થાઓ યોગ્ય રીતે કામ કરતી હોત તો ન્યાયાલયે આજે દિશા-નિર્દેશ જારી કરવાની જરૂર ન પડતી. સાઈબર દુનિયામાં થી રહેલી લાખો રૂપિયાની ઠગાઈ અસલમાં દેશની કાયદો-વ્યવસ્થાને પડકાર છે. હાલમાં જ પુણેમાં સાઈબર ક્રાઈમ મામલે એક વ્યક્તિએ ૧૮ લાખ રૂપિયાથી વધુ ગુમાવી દીધા છે. સાઈબર મંચ પર કોઈપણ પ્રકારના ફંદામાં આવવાથી બચવા માટે લોકોને પ્રશિક્ષિત કરવા જોઈએ. જ્યારે બહુ ભણેલા-ગણેલા લોકો ઠગાઈ રહ્યા હોય તો બાકી લોકો માટે તો શું કહેવું? દાખલા તરીકે ઈસરો દ્વારા ચંદ્રમા પર સોફ્ટ લેન્ડિંગથી ઈતિહાસ રચ્યાના એક દિવસ બાદ જ સરકારે ચેતવણી જારી કરવી પડી છે. ઈન્સ્ટાગ્રામ પર પ્રસિદ્‌ધ ઈસરોની નકલ કરનારાં હેન્ડલ ઉપલબ્ધ છે. એવા કોણ લોકો છે જે પ્રતિષ્ઠિત સંસ્થાઓના નામે ફેક એકાઉન્ટ બનાવી રહ્યા છે? એવા લોકો વિરૂધ્ધ પ્રભાવી કાર્યવાહીની જરૂર છે.

## ભારતીય કોસ્ટ ગાર્ડના DG રાકેશ પાલ ઓખા-પોરબંદરની મુલાકાતે

અમદાવાદ,તા.૪ : ઈન્સ્પેક્ટર જનરલ એકે હરબોલા ઉત્તર પશ્ચિમ ક્ષેત્રના કમાન્ડર આ દરમિયાન ફ્લેગ ઓફિસર સાથે હતા બ્રીફિંગ દરમિયાન ડાયરેક્ટર જનરલે વિસ્તૃત ચર્ચા હાથ ધરી હતી. બંને ફ્રન્ટલાઈન એકમો અને ઓપ, એડમિન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ સજ્જતાની સમીક્ષા કરી. તેમણે પોરબંદર ખાતે ઈન્વેન્ટરી ડેપો અને એર એન્ક્લેવની મુલાકાત લીધી હતી.ભારતીય કોસ્ટ ગાર્ડના ડાયરેક્ટર જનરલ રાકેશ પાલ હાલમાં આઈસીજી નોર્થની મુલાકાતના ભાગરૂપે ગાંધીનગર, ઓખા અને પોરબંદરની મુલાકાતે છે. આઈસીજી નોર્થની મુલાકાતના ભાગરૂપે પશ્ચિમ ક્ષેત્રે ૩૦ ઓગસ્ટ થી પોરબંદર ખાતે ICG જિલ્લા મુખ્યાલયની મુલાકાત લીધી અને ઓપરેશનલ સજ્જતાની સમીક્ષા કરી. ઈન્સ્પેક્ટર જનરલ એકે હરબોલા ઉત્તર પશ્ચિમ ક્ષેત્રના કમાન્ડર આ દરમિયાન ફ્લેગ ઓફિસર સાથે હતા બ્રીફિંગ દરમિયાન ડાયરેક્ટર જનરલે વિસ્તૃત ચર્ચા કરી હતી. બંને ફ્રન્ટલાઈન એકમો અને ઓપ, એડમિન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ સજ્જતાની સમીક્ષા કરી. તેમણે પોરબંદર ખાતે ઈન્વેન્ટરી ડેપો અને એર એન્ક્લેવની મુલાકાત લીધી હતી. મહાનિર્દેશકે અધિકારીઓ, સૈનિકો અને નાગરિક કર્મચારીઓની પણ પ્રશંસા કરી, તેમના સમર્પણ અને પ્રતિબદ્ધતા માટે એકમો.માંના પ્રયત્નોનો તેમણે ખાસ ઉલ્લેખ કર્યો.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ધૃણા અને પ્રેમ બંને આંધળા છે.

- કહેવત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ વદ-૫ શિવ પૂજન, શિવ મુષ્ટી (મગ), નાગપંચમી તા.૪ સપ્ટેમ્બર ૨૦૨૩, સોમવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૧૮, અશ્વિની નક્ષત્ર, ધ્રુવ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૩૫, સૂ.અ.૭:૦૫

આજનો દિવસ સવારે ૯:૨૬ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# ૭ વર્ષમાં પહેલીવાર ભારત ખાંડની નિકાસ ઉપર પ્રતિબંધ લગાવશે

## વરસાદની અછતના કારણે ઘઉંના પાકોમાં અછત : ભારત ઓક્ટોબરથી ૧૧ મહિના સુધી ખાંડ નિકાસ પ્રતિબંધિત કરી શકે છે, અરબ દેશોમાં ચિંતા

નવી દિલ્હી, તા.૪

વરસાદની અછતના કારણે ઘઉંના પાકોમાં અછત આવીઅને આગામી તહેવારોની સીઝનમાં ઘરેલુ પુરવઠો વધારવા માટે સરકાર ખાંડના નિકાસ પર પ્રતિબંધ લગાવી શકે છે. સમાચાર એજન્સી રૉયટર્સના એક રિપોર્ટ મુજબ, સરકારના સૂત્રોએ માહિતી આપી છે કે, ભારત ઓક્ટોબરથી આગામી ૧૧ મહિના સુધી ખાંડ નિકાસ પ્રતિબંધિત કરી શકે છે. ૭ વર્ષમાં આ પહેલીવાર હશે જ્યારે ભારત ખાંડ નિકાસ પર પ્રતિબંધ લગાવશે.જ્યારથી આ માહિતી સામે આવી છે કે ભારત આગામી મહિનાથી ખાંડનિકાસ પર પ્રતિબંધ લગાવી શકે છે, ત્યારથી અરબ દેશોની ચિંતા વધી ગઈ છે. કારણ કે ભારત પહેલાથી જ ચોખા અને ઘઉંની નિકાસ પર પ્રતિબંધ અને ડુંગળીના નિકાસપર મોટા ચાર્જ લગાવ્યા છે, જેનાથી અરબ દેશોમાંઆ વસ્તુઓની મોંઘવારી ચરમ પર છે. ખાંડ નિકાસ પર પ્રતિબંધના નિર્ણયથી અરબ દેશોમાં ખાંડનો મીઠો સ્વાદ પણ કડવો થઈ શકે છે. સાઉદી અરબની ન્યૂઝ વેબસાઈટ અનુસાર, ભારત દ્વારા ખાંડ નિકાસ પર પ્રતિબંધ અરબ દેશો માટે એટલા માટે પણ એક ચિંતાનો વિષય છે, કારણ કે ભારતના કુલ ખાંડ ઉત્પાદનની અડધી નિકાસ અરબ દેશોમાં થાય છે. ખાંડ પહેલાથી જ કેટલાક વર્ષોના ઉચ્ચતમ સ્તરે છે. તેવામાં ભારતમાં શેરડીના ઉત્પાદનમાં અછત વૈશ્વિક બજારમાં ખાંડના ભાવમાં વધારાનું કારણ બનશે. જેનાથી વૈશ્વિક બજારો ખાસ કરીને અરબ દુનિયામાં મોંઘવારી વધવાની પૂર્ણ સંભાવના છે, કારણ કે અરબ દેશ સૌથી વધુ ખાંડ ભારતથી આયાત કરે છે. જૉર્ડનમાં સંયુક્ત રાષ્ટ્ર ખાદ્ય અને કૃષિ સંગઠનના પ્રમુખ સલાહકાર ફાદેલ અલ-જુબીનું કહેવું છે કે, 'કેટલાક અરબ દેશ એવા છે જે ખાંડના ભાવમાં વધારાના ઝટકાને સહન નથી કરી શકે અને તેનાથી આ દેશોના આયાત, સ્ટોક અને સામાન્ય લોકો સુધી અસર પહોંચશે. તેવા સમયમાં તેમનો સ્થાનિક ચલણ પણ નબળું છે. તેનાથી અરબ દેશોમાં મોંઘવારી હજુ વધશે. એટલા માટે આ દેશોએ પહેલા જ જરૂરી પગલા ભરવાની જરૂર છે.' ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટરના આંકડા અનુસાર, ગત વર્ષ ક્તારે ૯૦ ટકા, યુએઈએ ૪૩ ટકા, બહરીને ૩૪ ટકા અને સાઉદી અરબ અને કુવૈતે ૨૮-૨૮ ટકા ખાંડ ભારત પાસેથી ખરીદી હતી. તેનાથી સ્પષ્ટ થાય છે કે, ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (જીસીસી)ના તમામ દેશ ભારતીય ખાંડ પર વધુ નિર્ભર છે. તેવામાં ભારત દ્વારા નિકાસ પર પ્રતિબંધ લગાવવાથી અરબ દેશોની મુશ્કેલીઓ વધી જશે કારણ કે આ વચ્ચે આ દેશોને ખાંડ માટે નવો વિકલ્પ શોધવા સરળ નહીં હોય. બેંગલુરુ સ્થિત તક્ષશિલા ઈન્સ્ટીટ્યૂશનના સહાયક પ્રોફેસર ારત તરફથી લગાવવામાં આવેલા પ્રતિબંધ અરબ દુનિયાને પોતાની જરૂરિયાતો પૂર્ણ કરનારા દેશોમાં વિવિધતા લાવવા માટે મજબૂર કરશે. પરંતુ વિકલ્પ બદલવામાં સમય લાગશે. તેવામાં સંભાવના છે કે, કેટલાક દિવસો માટે અરબ દેશોમાં ઉચ્ચ ખાદ્ય ફુગાવો જોવા મળશે.'

## હવાઈ મુસાફરી દરમ્યાન સોનાના દાગીના ગુમ થવાના કેસમાં ૧૧ વર્ષે ન્યાય મળ્યો

અમદાવાદ,તા.૪

હવાઈ મુસાફરી દરમિયાન સોનાના દાગીના ગુમ થવાના કેસમાં ૧૧ વર્ષની લાંબી લડત બાદ વડોદરાના મુસાફરને ન્યાય મળ્યો છે. રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશને ગ્રાહકલક્ષી ચુકાદો આપ્યો છે. ગ્રાહક તકરાર નિવારણ કમિશને એર કંપનીને ૫૦ હજાર નાણાં ૧૧ વર્ષના ૯ ટકા વ્યાજ સાથે મુસાફરને ચૂકવવા અને અન્ય ખર્ચ ૫ હજાર ચૂકવવા આદેશ કર્યો છે. બનાવની વાત કરીએ તો વડોદરાના વિરેન્દ્ર પારેખ ૧ ફેબ્રુઆરી ૨૦૧૨માં કુવૈતથી શારજહાં અને શારજહાંથી અમદાવાદ આવવા અરેબિયાની ફ્લાઈટમાં મુસાફરી કરી હતી.

કુવૈત ઍરપોર્ટ પર લગેજ ચેકિંગ અને વજન દરમિયાન હેન્ડ બેગમાંથી સોનાના દાગીના ગુમ થયા હતા.જેથી ફરિયાદીએ તાત્કાલિક ઍરપોર્ટ ઓથોરીટી, ઍર અરેબિયા અને પોલીસને જાણ કરી હતી. પરંતુ ઍરપોર્ટ ઓથોરિટીએ જવાબદારીમાંથી હાથ ઉંચા કરી રકમ પરત આપવા ઈનકાર કર્યો હતો. જેથી મુસાફરે ગ્રાહક સુરક્ષા સમિતિમાં ફરિયાદ કરી હતી. ૨૦૧૨ની ઘટનામાં ૨૦૨૩માં એટલે કે ૧૧ વર્ષે મુસાફર ફરિયાદીને ગુજરાત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશને ચુકાદો આપતા મુસાફરે તેને આવકાર્યો છે.

# ૧૫ વર્ષથી માત્ર ચોક ખાઈને જીવે છે આ વૃદ્ધ મહિલા

## વૃદ્ધ મહિલા દરેક માટે કુતૂહલનો વિષય છે કારણ કે તેના ગામના લોકો મૂંઝવણમાં છે કે વૃદ્ધ મહિલાને કઈ કેટેગરીમાં મૂકવી જોઈએ



નવી દિલ્હી, તા.૪

તેલંગાણાના રાજન્ના સરસિલ્લા જિલ્લાના મુસ્તાબાદ મંડલના બદનકલ ગામની એક વૃદ્ધ મહિલા મલ્લવા છેલ્લા ૧૫ વર્ષથી નિયમિત ખોરાકને બદલે ચોકના ટુકડા ખાય છે. તેમને જોઈને આસપાસના દરેક લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે. સામાન્ય રીતે, ખાદ્યપ્રેમીઓને બે શ્રેણીમાં વહેંચવામાં આવે છે, પ્રથમ શાકાહારી, જેઓ ફળો અને શાકભાજી ખાવાનું પસંદ કરે છે અને બીજું માંસાહારી, જેઓ ચિકન, મટન, માછલી, બીફ અને સી ફૂડ ખાવાનું પસંદ કરે છે. પરંતુ આ વૃદ્ધ મહિલા દરેક માટે કુતૂહલનો વિષય છે કારણ કે તેના ગામના લોકો મૂંઝવણમાં છે કે વૃદ્ધ મહિલાને કઈ કેટેગરીમાં મૂકવી જોઈએ. આ મહિલાના જીવનમાં આ બદલાવ ૧૫ વર્ષ પહેલા આવ્યો જ્યારે તે પોતાના ખેતરમાં કામ કરીને ખાવા માટે ઘરે પરત ફરી રહી હતી. તેણીએ તેની પ્લેટમાં ખોરાક મૂક્યો અને તે ખાવા જતી હતી, તેણીએ તેની થાળીમાં ઘણા જંતુઓ જોયા અને ખાવાનું બંધ કરી દીધું. આ પછી તે ખાલી પેટે સૂઈ ગઈ અને બીજા દિવસે સવારે જાગીને પોતાની દિનચર્યા શરૂ કરી. પરંતુ તેને ફરી એ જ અનુભવ થયો જ્યારે તેણે પોતાનું નિયમિત ભોજન ખાવાનો પ્રયત્ન કર્યો અને ફરીથી તેની પ્લેટ જંતુઓથી ભરેલી જોઈ. તેણે ખાવાનું બંધ કરી દીધું. આપછી તેને ચોકના ટુકડા મળ્યા અને તેણે તેની ભૂખ તે ટુકડાઓથી સંતોષી જેમાં કેલ્શિયમ, કાર્બન અને ઓક્સિજન હોય છે. પછી તેણે કૂવામાંથી પાણી લીધું અને પીધું. ત્યારથી તેણીએ નિયમિત ખોરાક અને શુદ્ધ પાણી અથવા બોરવેલના પાણીને બદલે ચોકના ટુકડા ખાવા અને કૂવાનું પાણી પીવાનું શરૂ કર્યું. મલ્લવ તેના આગામી ભોજન માટે યોગ્ય ચોકના ટુકડા શોધતી વખતે કહે છે, 'વચ્ચે મેં સામાન્ય ખોરાક ખાવાની કોશિશ કરી અને અમુક અંશે ખાધું, પરંતુ થોડા જ કલાકોમાં મને પેટમાં દુખાવો થવા લાગ્યો અને ત્યારથી મેં આહાર લેવાનું બંધ કરી દીધું. કોઈપણ સ્વાસ્થ્ય સમસ્યા વિના ચોકના ટુકડા અને કૂવાના પાણી પીવુ છું. ડૉક્ટરો આ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા છે અને તેમના મતે આ ખૂબ જ દુર્લભ બાબત છે. 'મેં અગાઉ આવા કિસ્સા જોયા નથી. અમારે અલ્ટ્રાસાઉન્ડ જેવા યોગ્ય પરીક્ષણો વડે પરિસ્થિતિનું વિશ્લેષણ કરવું પડશે. જો તે સ્ત્રી માત્ર ચોકની મદદથી બચી રહી હોય, તો તે ચોક્કસપણે એક ચમત્કાર છે.

## શ્રાવણ સત્સંગ

# શિવજીના અવધુતેશ્વર અવતારની કથા



એક વખત દેવરાજ ઈન્દ્ર દેવતાઓને ગુરૂ શ્રી બ્રહ્મસ્પતીજી સાથે સંપૂર્ણ દેવલોકના દેવતાઓને લઈને ભગવાન શિવજીના દર્શન કરવા માટે કૈલાશ પર્વત પર જવા નિકળ્યા. ભગવાન શિવજીએ ઈન્દ્ર અને બૃહસ્પતિની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. તેમણે દિગંબર-અવધુતનું રૂપ લીધું. પ્રજ્વલિત અગ્નિ સમાન તેજસ્વી રૂપથી મહાભંયર દેખાવ હોવા છતાં તેમની મુખાકૃતિ દિવ્ય આભાથી યુક્ત રહી ગયા. ઈન્દ્ર અને બૃહસ્પતિએ આ જોયું.

ઈન્દ્રને અભિયાન હતયું. અભિમાનમાં સત્યનું દર્શન થતું નથી. તેથી તે જાણી ન શક્યા કે તેમની સામે સાક્ષાત શિવજી રૂપ બદલીને ઉભા છે.

અભિયાનના મદમાં ચકચુર ઈન્દ્રએ અવધુતરૂપે રહેલા શિવજીને પુછ્યું, 'અલ્યા તુ કોણ છો ? આ વિચિત્ર વેશે અમારો માર્ગો રોકી ને કેમ ઉભો છો ? હુ દેવરાજ ઈન્દ્ર છુ અને અમારા ગુરૂ અને દેવતાઓ સાથે શિવજીના દર્શને જઈ રહ્યો છું. અમને માર્ગ આપ.'

આ રીતે વારંવાર કહેવા છતાં પણ અવધુતરૂપ ધરેલા શિવજી કંઈ ન બોલ્યા. ત્યારે ગુસ્સે ભરાયેલા ઈન્દ્રએ કહ્યું, 'હું તને વારંવાર કહુ છું તું જવાબ જ નથી આપતો. હવે તને મારવો જ પડશે.' એમ કહી અને ઈન્દ્રએ વ્રજ ઉગામ્યું. પરંતુ અવધુત રૂપે રહેલા શિવજીએ દ્રષ્ટિ માત્રથી ઈન્દ્રનો વ્રજવાળો હાથ જ જકડાઈ ગયો. પરંતુ આ સમયે શિવજીએ લીધેલા ઉગ્ર રૂપને દેવગુરૂ બૃહસ્પતિ ઓળવી ગયા. તે શિવજીના ચરણોમાં પડી ગયા અને પ્રાર્થના કરવા લાગ્યા, 'હે દીનોના નાથ મહાદેવ, અમે તમને ઓળવીને શક્યા ક્ષમા કરો.' આ સાંભળી અને દેવરાજ ઈન્દ્ર પણ તે અવધુત વેશધારી શિવજીના ચરણોમાં પડી પ્રણામ કરવા લાગ્યો. બૃહસ્પતિ વધુમાં કહેવા લાગ્યા કે, 'હું અને દેવરાજ આપને ઓળખી ન શક્યા. અમે આપના શરણે છીએ. અમને બંન્નેને ક્ષમા કરો.'

આ સમયે શિવજીના ક્રોધથી એક જ્વાળા નિકળી. આ જ્વાળા એવી હતી કે, દેવો સહિત ઈન્દ્ર અને બૃહસ્પતિને બાળી નાખે. બૃહસ્પતિ એ તે જ્વાળાને શિવજીને પરત ગ્રહણ કરવા વિનંતી કરી.

શિવજીનો ગુસ્સો શાંત થયો. તેમણે કહ્યું, 'જેમ સર્પ પોતાની કાચલી ઉતારી દે છે પછી તે પાછો ગ્રહણ નથી કરી શકતો તેમ આ જ્વાળા પણ પાછી ગ્રહણ નહીં કરી શકું.' કહી તે જ્વાળાને પકડી તેમણે સમુદ્રમાં ફેકી દીધી.ત્યાં તે જ્વાળા એ બાળકનું રૂપ લીધુ અને સિંધુપુત્ર જલન્ધરના નામે તે વિખ્યાત થયો. આ સિંધુપુત્ર પછી અસુરોનો રાજા થયેલો. જેના ત્રાસથી દેવતાઓ શિવજીના શરણે ગયેલા. શિવજીએ તેનો વધ કરેલો.

'અવધુતેશ્વર પાસે દેવરાજ ઈન્દ્ર અને દેવગુરૂ બૃહસ્પતિએ પ્રાર્થના કરી પ્રણામ કર્યા એટલે તેમણે પોતાનું મુળસ્વરૂપ પ્રગટ કરી સૌને દર્શન આપ્યા અને આશીવાર્દ આપ્યા.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**દેવેન કનકચંદ્ર વ્યાસ**

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૦૪-૯-૨૦૨૩ થી ૧૦-૯-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન પ્રિયજન પ્રત્યે વિશેષ લાગણી રહે. તેના દ્વારા મનને શાંતિ મળે. અભ્યાસ, નોકરી કે વ્યવસાયમાં વિશેષ રૂચિ રહે. મનમાં પ્રફુલિતતા અનુભવી શકશો. રોગ-શત્રુ પર વિજય મળે. મન અનેરી શાંતિ અનુભવે, રોકાયેલા નાણાં છૂટા થાય. સર્જનાત્મક પ્રવૃત્તિમાં સફળતા મળે. વડીલ વર્ગ સાથે વાણીસંઘર્ષનો પ્રસંગ બને. ધીર રાખવી હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન કોઈપણ કાર્ય માનસિક ઉશ્કેરાટથી ન કરવું હિતાવહ. મનમાં વ્યર્થ અશાંતિ અનુભવાય. સાસરાપક્ષ તરફથી લાભ મળે.મિત્રવર્ગ કે ભાગીદાર વર્ગ તરફથી લાભ મળે. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી હિતાવહ. ઉપરી અધિકારી વર્ગ કે વડીલ વર્ગ દ્વારા માન-સન્માન મળે, કાર્યબોજ વિશેષ રહે. ખર્ચનો પ્રસંગ બને.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારીઓ આવી પડે. જે નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવી. આવક સંબંધિત સમસ્યાઓ હોય તો દૂર થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો કરનારો આ સમય યાત્રા-પ્રવાસનું પણ આયોજન કરાવે. આમોદ-પ્રમોદની અધિકતા રહે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અટકેલા કાર્ય પૂર્ણ થાય. પારિવારીક વિષમતા દૂર કરી શકાય. આ દરિમયાન વધુ પડતું ભાવુક ન રહેવું. નહિંતર સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય. જે ભવિષ્ય માટે લાભદાયી નીવડે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન પ્રિયજનથી વિશેષ લગાવ રહે. કોર્ટ-કચેરી અને જમીન-વાહન સંબંધિત કાર્યમાં લાભ રહે. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી. કોઈ ષડયંત્ર કે ગેરસમજનો ભોગ ન બનો તેની સાવધાની જરૂરી. નોકરી-વ્યવસાયને લગતા કાર્યમાં સમસ્યા રહે પરંતુ ધીરજ પૂર્વક કાર્ય કરતા રહેવાથી આ સમસ્યા દૂર થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરિમયાન કાર્યની અધિક્તાને લીધે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુઃખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મીલન-મુલાકાત સફળ થાય તેવા આયોજનો સફળતાપૂર્વક પાર પાડી શકો. મુસાફરી-પ્રવાસ ટાળવો હિતાવહ. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. કોઈની અંગત બાબતોમાં ન પડવું હિતાવહ.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન ઉચ્ચ અધિકારી વર્ગ પ્રસન્ન રહે તેથી લાભ પ્રાપ્ત થાય. જીવનસાથીના સંપૂર્ણ સહકારથી મહત્વના કાર્યો પાર પાડી શકશો. રચનાત્મક કે પરોપકારી પ્રવૃત્તિમાં વધારો થાય. વ્યર્થ વાદ-વિવાદ ન થાય તેની તકેદારી રાખવી નહિંતર અગત્યના સંબંધો વણસી જાય. સગાસંબંધી દ્વારા આર્થિક લાભ પ્રાપ્ત કરી શકશો.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન નવી યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું હિતાવહ. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની શક્યતા છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યમાં મન પ્રવૃત રાખવું.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ લગાવ રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાનફેરના યોગ છે. ધંધાકીય કાર્યમાં સાવધાની જરૂરી. નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય ક્ષેત્રના વ્યકિતનો સંઘર્ષનો સામનો કરવો પડો. અણધાર્યો પ્રવાસ થાય. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન જૂના સ્નેહીઓ સાથે મુલાકાત થાય. મનમાં અ કારણ ગુસ્સો રહે અને ચિંતા સતાવે. આરોગ્ય અંગે સાવચેતી જરૂરી. મનમાં અશાંતિ રહે. આર્થિક બાબતે આ સપ્તાહ શ્રેષ્ઠ રહે. રોકાયેલા નાણાં અચાનક છૂટા થાય. અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. વાણીસંયમ ઝાળવવો હિતાવહ.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન નવિન મીલન મુલાકાત, ધાર્મિક કાર્ય કે પ્રવાસ-પર્યટનથી મન અત્યંત પ્રસન્ન રહે. પારિવારીક જીવનમાં પણ ઉત્સાહનો વધારો થાય. ધંધામાં આકસ્મિક ધન લાભ થાય. દૂર્વ્યય થતો અટકે. મોશાળપક્ષ તારફથી લાભ થાય, આરોગ્ય બાબતે સાવચેતી રાખવી હિતાવહ. કોઈ ચિંતા હોય તો તે હળવી બને અથવા ગેરસમજ દૂર થાય. એકંદરે આ સમય શુભ ફળ આપનારું રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીનો સ્વસ્થચિત્તે પોતાના કાર્યને વળગી રહેવું. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતો સાવચેત રહેવું હિતાવહ. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી. કોઈપણ કાર્ય માનસિક ઉશ્કેરાટથી ન કરવા હિતાવહ. કાર્યબોઝ વિશેષ રહે.

### રાજયના વિવિધ શહેરો માટે વધુ નવી ૪૦ બસો ખુલ્લી મૂકવામાં આવી

# રાજયમાં આગામી દિવસોમાં એસ.ટી. દ્વારા ૨૦૦૦ જેટલી નવી બસો શરૂ કરાશે

**આવતા સપ્તાહે વધુ ૪૦ બસો મૂકાશે : જે સાથે છ માસમાં નવી બસોનો આંક ૯૦૦ થશે**



ગાંધીનગર,તા.૪

આજથી રાજયના વિવિધ શહેરો માટે વધુ નવી ૪૦એસટી બસો શરૂ કરવામાં આવી છે. સુરતમાંથી રાજય ગૃહમંત્રીદ્વારા સેવા ખુલ્લી મુકવામાં આવી છે. આવતા અઠવાડિયામાં વધુ ૪૦ બસો લોકોની સેવા માટે ખુલ્લી મુકવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા ૬ મહિનામાં રાજય સરકાર દ્વારા ગુજરાતની જનતાની સેવામાં કુલ ૯૦૦ જેટલી બસો ખુલ્લી મુકવામાં આવી છે. આ બાબતે રાજયના ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ માત્ર છ મહિનામાં જ ગુજરાતની જનતાની સેવામાં ૮૨૦ બસ ખુલ્લી મુકવામાં આવી છે. ફરીથી ૪૦ બસો ખુલ્લી મુકવામાં આવી છે. આવતા અઠવાડિયે બીજી ૪૦ બસ ખુલ્લી મુકવામાં આવશે. જેસાથે ૬ મહિનામાં રાજયમાં કુલ ૯૦૦ જેટલી બસો લોકોની સેવામાં કાર્યરત થશે. તે ઉપરાંત આવનાર વર્ષમાં ૨૦૦૦ જેટલી નવી બસો ચાલુ કરવાના છીએ. તેનું કામકાજ શરૂ કરી દેવામાં આવ્યુંછે. મંત્રીએ વધુમાં જણાવ્યું કે, આ ઉપરાંત રાજય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસુરીયા તથા કામરેજ વિધાનસભાના ધારાસભ્ય પ્રવિણ ઘોઘારી દ્વારા સુરતથી સૌરાષ્ટ્ર તરફ જતી બસોમાં વધારો કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી છે. તેમની આ માગણી ઉપર તાત્કાલિક ધ્યાન આપીને વરાછા, કતારગામ અને સૌરાષ્ટ્રને જોડવા માટે એક નવો પ્રયાસ અમે આવનારા દિવસોમાં કરવાના છીએ. એજ રીતે ઉધના વિસ્તારના ધારાસભ્ય દ્વારા ઉત્તર ગુજરાત માટે બસોમાં વધારો કરવાની રજૂઆત કરવામાં આવી છે. તે માટે પણ અમે મહત્વના સપોર્ટ ઉપર આવનારા દિવસોમાં નવીબસો શરૂ કરવાના છીએ. એમાં કુલ મળીને સૌરાષ્ટ્રના કનેકશનની વાત કરી છે. તેનું પ્લાનિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. એટલે કે આવનારા દિવસોમાં સુરતથી સૌરાષ્ટ્ર તરફથી નવી બસો ચાલુ કરી દેવામાં આવશે. ઉપરાંત સુરતથી ઉત્તર ગુજરાતની પણ બસો શરૂ કરી દેવામાં આવશે. આમ રાજયમાં હવે એસ.ટી.ની ફ્રિકવન્સી વધારવા આગામી દિવસોમાં તબક્કાવાર નવી બસો મુકવાનો સિલસિલો જારી રહેશે.

# રાજયના વિવિધ ૧૮ પ્રકારના કારીગરોને રૂ.૩ લાખ સુધીની જામીન વિના લોન અપાશે

### તા.૧૭મી સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદી યોજનાનો પ્રારંભ કરાવશે



ગાંધીનગર, તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા.૧૭ સપ્ટેમ્બરના રોજ તેમના જન્મ દિને કેન્દ્ર સરકારની એક મહત્ત્વપૂર્ણ યોજના અમલમાં મૂકવા જઈ રહ્યા છે. પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજના થકી શહેરી અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોના નાના કારીગરોને પ્રોત્સાહન આપવામાં આવશે. આ યોજનામાં ૧૮ પ્રકારના કારીગરોને આવરી લઈ તેમને તાલીમબદ્ધ કરી રૂ.ત્રણ લાખ સુધીની લોન આપવાનું આયોજન છે. પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજનાને મિતાક્ષરમાં પીએમ વિકાસ નામ આપવામાં આવ્યું છે, જેમા ૧૮ પ્રકારના કારીગરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સુથાર, બોટ-નાવડી બનાવનાર,સરાણિયા (બખ્તર-ચપ્પુબનાવનાર), લુહાર, હથોડી અને ટૂલકિટ નિર્માતા, તાળાના કારીગર, કુંભાર, શિલ્પકાર, મોચી, કડિયા, વાળંદ, ટોપલીટોપલા કે સાવરણીના કારીગર, દરજી, ધોબી, માળી, માછલી પકડવાની જાળી બનાવનારા, પરંપરાગત રમકડાના કારીગર ઉપરાંત સુવર્ણકામ કરનારા કારીગરોને તેમાં આવરી લેવામાં આવ્યા છે. પીએમ વિકાસ યોજનાની ટૂંકી વિગતો જોઈએતો કુટુંબદીઠ એક વ્યક્તિને તેનો લાભ મળશે. લાભાર્થીની લઘુત્તમ ઉંમર ૧૮ વર્ષ કરતા વધુ ન હોવી જોઈએ. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન સ્વરોજગાર, વ્યવસાયિક વિકાસ માટે ધિરાણ છે પીએમઈજીપી કે પીએમ સ્વનિધિ જેવી યોજનાનો લાભ નલીધો હોવો જોઈએ. મુદ્રા અને સ્વનિધિના લાભાર્થીઓ કે જેમણે તેમની લોનની ચૂકવણી કરી દીધી હોય તેને લાભ મળશે. સરકારી નોકરી કરતી વ્યક્તિના પરિવારને લાભ નહીં મળે. આ યોજનામાં આધાર અધિકૃત વેબ પોર્ટલ ઉપર લાભાર્થીઓની નોંધણી કરવામાં આવશે. આ ઉપરાંત કોમન સર્વિસ સેન્ટરમાં પણ આધારકાર્ડ, રાશનકાર્ડના પુરાવા સાથે નોંધણી કરાવી શકાશે. ગ્રામીણ વિસ્તારોના કારીગરો માટે તેમના ધંધાના વ્યાપ વધારવા માટે મહત્વપૂર્ણ સાબિત થનારી આ યોજના હેઠળ નોંધણી થયા બાદ પીએમ વિશ્વકર્મા સર્ટિફિકેટ અને આઈડીકાર્ડ આપવામાં આવશે. કૌશલ્ય ચકાસણી પછી રૂ.૧૫ હજારની ટૂલકિટનો લાભ આપવામાં આવશે. બેઝિક અને એડવાન્સ તાલીમ દરમ્યાન રૂ.૫૦૦નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. તાલીમ બાદ રૂ.એક લાખની કોઈ પણ જામીનગીરી વિનાની લોન આપવામાં આવશે, તે લોન સમયસર ચૂકવવામાં આવે તો વધુ રૂ.બે લાખની લોનની સવલત પણ કરી આપવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા.૧૭મી રોજ આ યોજનાનો પ્રારંભ કરાવવાના છે. વડોદરા ઉપરાંત અમદાવાદ, સુરત અને રાજકોટ ખાતે આ માટેના કાર્યક્રમ યોજાશે.

# રાજયમાં MSME ઉદ્યોગકારો માટે પાંચ રિજીયોનલ કાઉન્સિલ સ્થપાશે

ગાંધીનગર, તા.૪

રાજયના MSME ઉદ્યોગકારોને તેમના વિલંબિત ચૂકવણાની અરજીઓનો ઝડપથી નિકાલ થાય એ માટે રાજયમાં પાંચ રિજીયોનલ કાઉન્સિલની સ્થાપના કરવાનો રાજય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે, એટલે હવે રાજયમાં પાંચ પ્રાદેશિક કચેરી શરૂ કરવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા MSME એક્ટ અંતર્ગત ગુજરાત રાજયમાં સ્જીસ્ઈ (માઈક્રોએન્ડ સ્મોલ એન્ટરપ્રાઈઝ ફેસીલીટેશન કાઉન્સિલ) ગાંધીનગર ખાતે કાર્યરત કરવામાં આવી છે અને MSME માટે રાજયની તમામ વિલંબીત ચૂકવણીની અરજીઓનું નિરાકરણ ગાંધીનગર ખાતેથીકરવામાં આવતું હતું. પરંતુ રાજયના MSME ઉદ્યોગકારોને વધુ સરળતાથી અને ઝડપથી તેમની વિલંબીત ચૂકવણીની અરજીઓનું નિરાકરણ થાય તે માટે, રાજય સરકાર દ્વારા હવે પાંચ રીજીયનમાં એટલે કેઅમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગરમાં રીઝનલ કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગરમાં રેસિડેન્ટ એડિશ્નલ કલેક્ટર (RAC), આરીઝનલ કાઉન્સિલના અધ્યક્ષ તરીકે રહેશે. તેમજ આ જિલ્લાઓના જનરલ મેનેજર (જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર) તે રીઝનલ કાઉન્સિલના મેમ્બર સેક્રેટરી તરીકે કાર્યરત રહેશે. આ રીઝનલ કાઉન્સિલનું સંચાલન જે-તરીઝનની જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ઓફિસ દ્વારા કરવામાં આવશે. આમ, રીઝનલ કાઉન્સિલમાં સંબંધિત રીઝનના MSME ઉદ્યોગકારોની વિલંબીત ચૂકવણી માટેની અરજીઓનો ઝડપથી અને સરળતાથી નિકાલ થઈ શકશે, તેમ રાજયના MSME કમિશ્નરની યાદી દ્વારા વધુમાં જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજયમાં મોટાપાયે MSME કાર્યરત છે, તે પૈકી સમયાંતરે ઘણા MSME બંધ પણ થઈ રહ્યા છે તેની પાછળના વિવિધ કારણો દર્શાવાય છે.

## સપ્ટેમ્બરમાં ફરીવાર ચોમાસું જીવંત બનવાની શક્યતા : હવામાન વિભાગ

નવી દિલ્હી તા.૪

ઘણા દિવસોથી વરસાદ ન થવાને કારણે દિલ્હીયુપી સહિત અનેક રાજયોમાં ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. બપોરના સમયે નીકળવું પણ મુશ્કેલ બની રહ્યું છે, ત્યારે હવામાન વિભાગે વરસાદને લઈને મોટું અપડેટ આપ્યું છે. હવામાન વિભાગના અહેવાલ અનુસાર દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સપ્ટેમ્બરમાં જીવંત થવાની ધારણા છે, જે દેશના મધ્ય અને દક્ષિણ ભાગોમાં વરસાદ લાવશે. ભારતીય હવામાન વિભાગના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે, સપ્ટેમ્બરમાં સામાન્ય વરસાદ ૧૬૭.૯ મીમીની લાંબાગાળાની સરેરાશના ૯૧-૧૦૯ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. મહાપાત્રાએ જણાવ્યું હતું કે, સપ્ટેમ્બરમાં વરસાદ વધુ પડતો હોવા છતાં જૂન-સપ્ટેમ્બર મોસમનો વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેવાની ધારણા છે. તેઓએ જણાવ્યું હતું કે, વિષુવવૃત્તીય પેસિફિક મહાસાગરમાં અલ નીનો સ્થિતિનો વિકાસ ઓગસ્ટમાં ઓછા વરસાદની પ્રવૃત્તિ પાછળનું સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળ હતું. હિંદ મહાસાગરના દ્વિધ્રુવ, અરબી સમુદ્ર અને બંગાળની ખાડી ઉપર સમુદ્રની સપાટીના તાપમાનમાં તફાવત સકારાત્મક બનવા લાગ્યો છે, જે અલ નીનો અસરને અટકાવી શકે છે. તેમણે કહ્યું કે, મેડન જુલિયન ઓસિલેશનએ વાદળોની પૂર્વ તરફની હિલચાલ છે અને ઉષ્ણકટિબંધીય પ્રદેશમાં વરસાદ પણ અનુકૂળ બની રહ્યો છે અને ચોમાસાના પુનરૂત્થાનમાં ભૂમિકા ભજવે છે. તમને જણાવી દઈએ કે, ભારતના હવામાનશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે, ભારતમાં આ વર્ષે ૧૯૦૧ પછીનો સૌથી સૂકો ઓગસ્ટ રહેવાની ધારણા છે અને આ સ્પષ્ટપણે અલ નીનોની સ્થિતિની તીવ્રતાનું પરિણામ છે. આ ઉપરાંત આ વર્ષનું ચોમાસું ૨૦૧૫ પછીનું સૌથી સૂકું હોઈ શકે છે, જેમાં ૧૩ ટકા વરસાદની ઘટ છે.

# OTPનો ઉપયોગ કરીને ફેસબુક એકાઉન્ટ્સ હેક કરવામાં આવે છે; આ નવા કૌભાંડ વિશે જાણવા જેવું

નવી દિલ્હી તા.૪

દેશભરમાં ઓનલાઈન સ્કેમનું પ્રમાણ વધી રહ્યું છે. ગુનેગારો નવી યુક્તિઓ લાવી રહ્યા છે અને અસંદિગ્ધ વપરાશકર્તાઓને છેતરવા માટે ઑનલાઇન પ્લેટફોર્મની નબળાઈઓનો ઉપયોગ કરી રહ્યા છે. આવા જ એક પ્લેટફોર્મને નિશાન બનાવવામાં આવ્યું છે અને તે ફેસબુક છે. સ્કેમર્સ કથિત રીતે લોકોના એકાઉન્ટ હેક કરી રહ્યા છે અને પછી તેનો ઉપયોગ પીડિતોના મિત્રોની યાદીમાંથી પૈસા મેળવવા માટે કરે છે. ભારતમાં જામનગર સાયબર ક્રાઈમ પોલીસે તાજેતરમાં બે વ્યક્તિઓની ધરપકડ કરી છે જેઓ ફેસબુક એકાઉન્ટ હેક કરવાની મોટી ગેંગનો ભાગ હતા. આ હેકર્સ, વિરેન ગણાત્રા અને હાર્દિક ચૌહાણ, કથિત રીતે નબળા પાસવર્ડ ધરાવતા લોકોને નિશાન બનાવ્યા અને પછી તે એકાઉન્ટ્સ દ્વારા તેમના મિત્રોની સૂચિનો સંપર્ક કર્યોહતો, અનેકટોકટીની સ્થિતિમાં હોવાનો દાવો કરીનેઅને પૈસા માંગ્યા હતા. પોલીસે વપરાશકર્તાઓનેસ્ટ્રોંગ પાસવર્ડ રાખવા અને તેઓ જાણતા હોય તેવા લોકોના કોઈપણ શંકાસ્પદ સંદેશાઓથી સાવચેત રહેવાની સલાહ આપી છે. આ સ્કેમ કરવા માટે, સાયબર અપરાધીઓપહેલા નબળા પાસવર્ડ્સ ધરાવતા ફેસબુક વપરાશકર્તાઓને શોધે છે, જેમ કે તેમના મોબાઈલ નંબર અથવા જન્મતારીખ. એકવાર તેઓ એકાઉન્ટની અનધિકૃત ઍક્સેસ મેળવી લે, પછી તેઓ સંભવિત લક્ષ્યો શોધવા માટે વપરાશકર્તાની મિત્રોની સૂચિનેજુએ છે. સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં, સ્કેમર્સ ગૃહિણીઓ અથવા ૪૫ વર્ષથી વધુ ઉંમરના લોકો ઉપર ધ્યાનકેન્દ્રિત કરે છે જેમણે પાસવર્ડ બનાવતી વખતે વધુ ધ્યાન આપ્યું ન હતું. એકવાર હેકર્સ તેમના ટોચના મિત્રોની સૂચિ મેળવે, પછી તેઓ આ એકાઉન્ટમાંથી એક સંદેશ મોકલે છે, જેમાં દાવો કરવામાં આવે છે કે સુરક્ષા ભંગ થયો છે અને પ્રાપ્તકર્તાએ એકાઉન્ટની એક્સેસ પુનઃ સ્થાપિત કરવા માટે વન-ટાઈમ પાસવર્ડ (OTP) પ્રદાન કરવાની જરૂર છે. આ OTP પીડિતના પાંચ મિત્રોને મોકલવામાં આવે છે. ફેસબુક વપરાશકર્તાઓને ટ્રસ્ટેડ કોન્ટેક્ટ્સ નામની સુવિધાનો ઉપયોગ કરીને તેમના એકાઉન્ટને પુનઃ પ્રાપ્ત કરવાની મંજૂરી આપે છે. વપરાશકર્તાઓ કેટલાક વિશ્વસનીય સંપર્કોને પસંદ કરી શકે છે જેથી કરીને જો તેઓ ક્યારેય તેમના એકાઉન્ટની ઍક્સેસ ગુમાવે, તો આ સંપર્કો તેમને તેમના એકાઉન્ટની ઍક્સેસ ફરીથી મેળવવા માટે પુનઃ પ્રાપ્તિ કોડ પ્રદાન કરશે. જો કે, સ્કેમર્સ એકાઉન્ટ હેક કરવા માટે આ સુવિધાનો ઉપયોગ કરે છે. આ સાયબર અપરાધીઓ આ સુવિધાનો દુરુપયોગ કરે છે અને એકવાર તેમની પાસે OTP આવી જાય, તેઓ કાયદેસરના માલિકને લોક આઉટ કરીને, એકાઉન્ટનો પાસવર્ડ રીસેટ કરે છે. ત્યાર બાદ તેઓ એકાઉન્ટ ઉપર નિયંત્રણ મેળવી લે છે અને પીડિતના ફેસબુક મિત્રોનો સંપર્ક કરવાનું શરૂ કરે છે. તે પછી, સ્કેમર્સ તબીબી કટોકટી અથવા શૈક્ષણિક ખર્ચ જેવા વિવિધ બહાનાનો ઉપયોગ કરીને સંપર્કો પાસેથી નાણાં આપવાની વિનંતી કરે છે.

**તેનાથી કેવી રીતે સુરક્ષિત રહેવું**

ફેસબુક કૌભાંડ વધુને વધુ સામાન્ય બની રહ્યું છે અને ગુજરાત પોલીસના તાજેતરના અહેવાલમાં વપરાશકર્તાઓને વધુ સતર્ક રહેવાની જરૂરિયાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પોલીસ ચેતવણી આપે છે કે સાયબર અપરાધીઓ દ્વારા નબળા પાસવર્ડને સરળતાથી હેક કરી શકાય છે, જે પીડિતોને આર્થિક નુકસાન અને ભાવનાત્મક તકલીફ તરફ દોરી શકે છે. તેથી, બધા એકાઉન્ટ્સ માટે મજબૂત અને અનન્ય પાસવર્ડ્સનો ઉપયોગ કરવો અને તેને નિયમિતપણે બદલવો મહત્વપૂર્ણ છે. વધુમાં, વપરાશકર્તાઓએ શંકાસ્પદ સંદેશાઓથી સાવચેત રહેવું જોઈએ, ભલે તે કોઈ વિશ્વસનીય સંપર્કમાંથી આવ્યા હોય.

**ફેસબુક સ્કેમથી સુરક્ષિત રહેવા માટે અહીં કેટલીક સલામતી ટિપ્સ આપવામાં આવી છેઃ**

- બધા એકાઉન્ટ્સ માટે મજબૂત અને અનન્ય પાસવર્ડનો ઉપયોગ કરો.
- તમારા પાસવર્ડ નિયમિતપણે બદલો.
- તમે જાણતા નથી તેવા લોકોના સંદેશાની લિંક ઉપર ક્લિક કરશો નહીં.
- તમારા પાસવર્ડ અથવા ક્રેડિટ કાર્ડ નંબર જેવી અંગત માહિતી માટે પૂછતા કોઈપણ સંદેશાઓ અવગણો.
- તમારા એકાઉન્ટ્સ માટે દ્વિ-પરિબળ પ્રમાણીકરણ સક્ષમ કરો.
- તમારા સોફ્ટવેરને અપ ટુ ડેટ રાખો.
- નવીનતમ કૌભાંડો અને ફિશિંગ હુમલાઓથી વાકેફ રહો.

# G-20 સમિટમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ હાજરી આપશે કે નહીં ? ભારતને હજુ કન્ફર્મેશન મળ્યું નથી

(એજન્સી) તા.૪

ભારતનેહજુ સુધી એમામલે કન્ફર્મેશન મળી નથી કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ આગામી જી-૨૦ સમિટમાં ભાગ લેવા માટે ભારત આવશે કે નહીં ? આ માહિતી આ મામલે સંકળાયેલા સૂત્રોએ આપી હતી. તાજેતરમાં એવા અહેવાલ ફરતા થયા હતા કે તેઓ કદાચ ભારત નહીં આવે. ઉલ્લેખનીય છે કે, એવા અહેવાલ ફરતા થયા છે કે, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ભારતમાં ૮થી ૧૦ સપ્ટેમ્બર દરમ્યાન યોજાનારી જી૨૦ સમિટની બેઠકમાં ભાગ લેશે નહીં. સમાચાર એજન્સી રોઈટર્સે એક અહેવાલ પ્રકાશિત કર્યો છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, જિનપિંગ જી૨૦ બેઠકમાં ભાગ લેશે નહીં. જી-૨૦ સમિટ માટે દિલ્હીમાં તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ઘણા દેશોના નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે, તેઓ ભારત આવી રહ્યા છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ૮-૧૦ સપ્ટેમ્બરના રોજ યોજાનારી સમિટમાં પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે, તેઓ જી-૨૦ માટે ભારત નહીં આવી શકે. હવેએવા સમાચાર છે કે, શી જિનપિંગ પણ કોન્ફરન્સમાં ભાગ નહીં લે. ચીની રાષ્ટ્રપતિ છેલ્લે ૨૦૧૯માં ભારતની મુલાકાતે આવ્યા હતા, જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મલપ્પુરમમાં તેમનું સ્વાગત કર્યું હતું. વડાપ્રધાનનરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ શી જિનપિંગે તાજેતરમાં દક્ષિણ આફ્રિકામાં અનૌપચારિક વાતચીત કરી હતી. બંને નેતાઓએ સરહદ મુદ્દે ચર્ચા કરી હતી. પીએમ મોદીએ જિનપિંગને સ્પષ્ટ કર્યું હતું કે, સરહદ ઉપર શાંતિ જાળવી રાખવી જોઈએ. શી જિનપિંગ પીએમ મોદી સાથે વાત કરતા જોવા મળ્યા હતા. બંને નેતાઓ વચ્ચે સત્તાવાર વાતચીતની અપેક્ષા હતી. આ માટે ચીને પણ સંપર્ક કર્યો હતો પરંતુ ભારત રાજી નહોતું. જો કે, શી જિનપિંગ ભારત આવવાથી શા માટે સંકોચ કરી રહ્યા છે તે હજુ સ્પષ્ટ નથી. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનક, ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ દિલ્હીમાં યોજાનારી જી-૨૦ સમિટ માટે ભારતની મુલાકાતે છે. જી-૨૦ સમિટમાં ૩૦થી વધુ દેશો ભાગ લેવા માટે સંમત થયા છે. જેમાં ૨૦ સભ્ય દેશો સામેલ હશે. આ સિવાય ઈજિપ્ત સહિત અન્ય ઘણા દેશોને સમિટમાં મહેમાન તરીકે આમંત્રણ આપવામાં આવ્યું છે. ૨૮ ઓગસ્ટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની ટેલિફોન વાતચીતમાં પુતિને તેમના 'વ્યસ્ત શિડ્યુલ'નો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, તેમનું સમગ્ર ધ્યાન યુક્રેનમાં ચાલી રહેલા 'સ્પેશિયલ મિલિટરી ઓપરેશન' ઉપર છે. આ કારણે તે સપ્ટેમ્બરમાં નવી દિલ્હીમાં યોજાનારી જી-૨૦ સમિટમાં ભાગ લઈ નહીં શકે. યુક્રેન યુદ્ધ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માટે એક મંચ તરીકે ઉભરી રહેલી જી-૨૦ સમિટનો ભારતે સખત વિરોધ કર્યો છે. ભારત તરફથી કહેવામાં આવ્યું છે કે, જી-૨૦ એક 'જિયો-ઈકોનોમિક' ફોરમ છે. યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ સંઘર્ષોના ઉકેલ માટે અસ્તિત્વમાં છે.

# 'વ્યક્તિગત સમાધાન'ના આધારે હત્યાના આરોપીને જામીન આપવા માટે સુપ્રીમ કોર્ટે ગુજરાત હાઈકોર્ટની ઝાટકણી કાઢી



નવી દિલ્હી, તા.૪

આરોપી અને મૃતકના પુત્ર વચ્ચેની 'વ્યકિતગત સમાધાન'ના આધારે હત્યાના કેસમાં આરોપીને જામીન આપવા માટે સુપ્રીમ કોર્ટે ગુજરાત હાઈકોર્ટની ટીકા કરી છે. હાઈકોર્ટના આદેશને રદબાતલ કરતી વખતે અને આરોપીઓનેટ્રાયલ કોર્ટ સમક્ષ તાત્કાલિક આત્મસમર્પણ કરવાનો આદેશ આપતા, કોર્ટે ગુજરાત સરકારને જામીનના આદેશનેપડકાર ન આપવા માટે તાકીદ પણ કરી હતી. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, આશ્ચર્યની વાત એ છે કે વિદ્વાન જજ દ્વારા આ વિચારણા કરવામાં આવી છે તેમાં એ હકીકતનો સમાવેશ થાય છે કે પ્રતિવાદી નંબર ૨ (આરોપી)એ મૂળ ફરિયાદી મૃતકના પુત્ર અને મૂળ સોગંદનામું સાથે સમાધાન ફાઈલ કર્યું છે. ફરિયાદીએ આ સમાધાનની પુષ્ટિ કરી છે, તે પણ IPC ચભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા માટેની સજા) હેઠળના ગુનાના સંદર્ભમા છે. આ કેસ સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ રાજેશ બિંદલની ડિવિઝન બેંચમાં આવ્યો હતો જયારે આ ગુનામાં ઘાયલ થયેલા એક વ્યકિતએ હાઈકોર્ટના જામીનના આદેશ સામે અપીલ કરી હતી. આરોપીઓએ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ પ્રવીણભાઈ (મૃતક) અને અરજદાર ઉપર હુમલો કર્યો હતો. અરજદારને ઈજાઓ થઈ હતી અને પ્રવીણભાઈનું મોત નીપજયુંહતું. ટોચની અદાલતે જામીનના આદેશમાં હાઈકોર્ટના અવલોકનો સામે પણ વાંધો ઉઠાવ્યો હતો કે આરોપી તરફથી કોઈ ગુનાહિત પૂર્વવત ઈતિહાસ નથી, તે નિર્દેશ કરે છે કે અન્ય પ્રથમ માહિતી અહેવાલ (એફઆઈઆર) ના સંબંધમાં જામીન ઉપર મુક્ત થયા પછી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૧થી ફેબ્રુઆરી ૧૮, ૨૦૨૨ સુધી "માત્ર" છ મહિના જેલમાં વિતાવ્યા હતા તે નોંધતા સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે ગુનાહિત વર્તન પ્રત્યે આરોપીની તરફેણની વૃત્તિ છે અને તેથી, તેણે તાત્કાલિક શરણાગતિ સ્વીકારવી જોઈએ. કોર્ટે જામીનના આદેશને પડકારીને કોર્ટનો સંપર્ક ન કરવા બદલ ગુજરાત સરકારની પણ ટીકા કરી હતી. તેણે રાજયના ગૃહ સચિવને નવીનતમ આદેશ મોકલવા સંબંધિત અધિકારીઓને આદેશો જારી કર્યા હતા. પ્રતિવાદી નંબર ૧ (રાજય)એ પ્રતિવાદી નંબર ૨ (આરોપી)ની તરફેણમાં હાઈકોર્ટ દ્વારા મંજૂર કરાયેલા જામીનના હુકમ સામે આ કોર્ટનો સંપર્ક કરવો જોઈએ, પરંતુ આશ્ચર્યજનક રીતે, કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા. આ હુકમની નકલ પ્રતિવાદી નંબર ૧ (રાજય)ના વિદ્વાન વકીલ દ્વારા તેમના અવલોકન અનેયોગ્ય કાર્યવાહી માટે સચિવ (ગૃહ), ગુજરાત સરકારને મોકલવામાં આવશે.

# રાજયના જંતુનાશક દવાના ૩૨૦ ઉત્પાદકોને ત્યાં વિશેષ સ્કવોર્ડ દ્વારા આકસ્મિક તપાસ કરાઈ

અમદાવાદ,તા.૪

રાજયના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજયમાં કુલ જંતુનાશક દવાનાં ૩૨૦ ઉત્પાદક યુનીટમાં આકસ્મિક તપાસ કરવા માટે વિશેષ સ્કવોર્ડ તૈયાર કરવામાં આવી હતી. જે સ્કવોર્ડ દ્વારા ઉત્પાદક યુનીટ એકમોમાં ઓચીંતી તપાસ કરાઈ હતી. જે અંતર્ગત રાજયના ૧૯ જિલ્લાઓમાં કાર્યરત જંતુનાશક દવા ઉત્પાદક યુનીટમાંથી કુલ૯૧ નમુનાઓ લેવાયા છે અને તે પૈકી ૧૦૭ ઉત્પાદક એકમોને નોટીસ આપી અંદાજીત રૂ.૩૮૯.૧૭ લાખની કિંમતનો જંતુનાશક દવાનો જથ્થો અટકાવવામાં આવ્યો છે. રાજ્યનાં કુલ ૧૯ જિલ્લાઓમાં કાર્યરત જંતુનાશક દવાનાં ઉત્પાદક એકમોમાં ઓચીંતી તપાસ કરવા માટે સ્કવોર્ડની રચના કરી કુલ ૩૭ અધિકારીઓને આકસ્મિક તપાસની કામગીરી સોંપવામાં આવી હતી. આ સ્કવોર્ડ દ્વારા તા.૭ અને ૮ ઓગસ્ટ દરમ્યાન બેદિવસમાં કુલ ૩૨૦જંતુનાશક દવા ઉત્પાદક એકમોમાં તપાસ કરવામાં આવી. જે દરમ્યાન જંતુનાશક દવાનાં કુલ ૮૪ નમુનાઓ તથા શંકાસ્પદ જંતુનાશક દવાનાં ૭ નમૂનાઓ મળી કુલ ૯૧ નમૂનાઓ લેવામાં આવ્યા છે. આ ઓચિંતી તપાસ દરમ્યાન જોવા મળેલી વિવિધ પ્રકારની વિસંગતતા અનુસંધાને વિવિધ ૧૦૭ ઉત્પાદક એકમોને નોટીસ આપવામાં આવી છે

